

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 272
Dt.: 06-08-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### બંને દેશો વચ્ચે થયા ૯ સમજૂતી કરાર

# PM મોદી અને ફિલિપાઈન્સના રાષ્ટ્રપ્રમુખે વ્યૂહાત્મક ભાગીદારીની કરી જાહેરાત

**આ મુલાકાતનો હેતુ બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવાનો છે, જેમાં વેપાર, સંરક્ષણ અને સુરક્ષા જેવા ક્ષેત્રો પર દ્વિપક્ષીય ચર્ચાઓ થવાની છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ભારતની પાંચ દિવસની મુલાકાતે આવેલા ફિલિપાઈન્સના રાષ્ટ્રપ્રમુખ ફર્ડિનાન્ડ આર.માર્કોસ જુનિયર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે મુલાકાત થઈ છે.

બંને નેતાઓ વચ્ચે વાતચીત થયા બાદ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરવામાં આવી છે. આ દરમિયાન કુલ ૯ સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. આ મુલાકાતનો હેતુ બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવાનો છે, જેમાં વેપાર, સંરક્ષણ અને સુરક્ષા જેવા ક્ષેત્રો પર દ્વિપક્ષીય ચર્ચાઓ થવાની છે. વડાપ્રધાન મોદીએ મંગળવારે (૫ ઓગસ્ટ) માર્કોસ સાથે દ્વિપક્ષીય બેઠક યોજ્યા બાદ કહ્યું કે, 'આજે મેં અને રાષ્ટ્રપ્રમુખ માર્કોસે પરસ્પર સહયોગ, પ્રાદેશિક મુદ્દાઓ અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ પર વિગતવાર ચર્ચા કરી છે. અમે બંને નેતાઓએ બંને દેશોના ગાઢ સંબંધોને વ્હૂયાત્મક ભાગીદારીનો દરજ્જો આપવાનો નિર્ણય કર્યો છે.' આ પહેલા પીએમ મોદીએ હૈદરાબાદ હાઉસમાં માર્કોસનું સ્વાગત કર્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સ્વાગતની તસવીરો શેર કરી હતી.'ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ અમલીકરણ માટે કાર્ય યોજનાનો એક્શન પ્લાન તૈયાર કરાયો છે. આ ઉપરાંત ડિફેન્સ સેક્ટર, વિજ્ઞાન, ટેકનોલોજી, પર્યટન વિભાગ મામલે પણ મહત્ત્વની સમજૂતી કરવામાં આવી છે. પીએમ મોદી અને રાષ્ટ્રપ્રમુખ માર્કોસ વચ્ચે દોષિત વ્યક્તિઓના સ્થાનાંતરણ અંગેની



સંધિ પણ થઈ છે. ડિજિટલ ટેકનોલોજીના ક્ષેત્રમાં સહયોગ પર ભારત સરકાર અને ફિલિપાઈન્સ સરકાર વચ્ચે સમજૂતી કરાર થયા છે. ભારતીય અવકાશ સંશોધન સંગઠન અને ફિલિપાઈન્સ અવકાશ એજન્સી વચ્ચે બાહ્ય અવકાશના શાંતિપૂર્ણ ઉપયોગ પર સહયોગ સધાયો છે.

ભારતીય કોસ્ટ ગાર્ડ અને ફિલિપાઈન કોસ્ટ ગાર્ડ વચ્ચે દરિયાઈ સહયોગ માટેની પણ શરતો થઈ છે. બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન અંગે પણ સમજૂતી કરાઈ છે. આમ બંને દેશો વચ્ચે ૯ સમજૂતી કરાર થયા છે.

ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે રાજદ્વારી સંબંધો નવેમ્બર ૧૯૪૯માં સ્થાપિત થયા હતા અને ત્યારથી વિવિધ ક્ષેત્રોમાં સંબંધો મજબૂત થઈ રહ્યા છે. શિક્ષણ, આરોગ્યસંભાળ, કૃષિ અને ડિજિટલ ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં પણ સહકાર વધી રહ્યો છે. વડાપ્રધાન મોદીએ નવેમ્બર-૨૦૧૭માં ૩ દિવસ માટે ફિલિપાઈન્સની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, તેમણે ASEAN-ભારત અને પૂર્વીય ASEAN-૨૦૧૭ શિખર સંમેલનમાં ભાગ લીધો હતો.

આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ ASEAN દેશો અને ફિલિપાઈન્સ સાથે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાનો હતો. ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે જાન્યુઆરી ૨૦૨૨માં લગભગ ૩૭૫ મિલિયન ડોલર (આશરે ૩૦૦૦ કરોડ)નો બ્રહ્મોસ મિસાઈલ માટેનો ઐતિહાસિક કરાર થયો હતો. ફિલિપાઈન્સ બ્રહ્મોસ મિસાઈલ ખરીદનાર પ્રથમ વિદેશી દેશ બન્યો છે.

આ ડીલ હેઠળ, ભારતે એપ્રિલ ૨૦૨૪માં મિસાઈલની પ્રથમ બેચની ડિલિવરી પણ કરી છે. ફિલિપાઈન્સ આ મિસાઈલોનો ઉપયોગ દક્ષિણ ચીન સાગરમાં પોતાની દરિયાઈ સુરક્ષા માટે કરશે. બંને દેશો સમયાંતરે સંરક્ષણ ક્ષેત્રમાં અન્ય સહકાર પણ વધારી રહ્યા છે.

ભારતીય સેના દ્વારા ફિલિપાઈન્સના સૈનિકોને બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમ ઓપરેટ કરવા માટે તાલીમ પણ આપવામાં આવી છે. બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ વધારવા માટે સફળ પ્રયાસો થતા રહ્યા છે.

# રશિયાના ડ્રોનમાં ભારત કનેક્શન ટ્રમ્પ બાદ હવે યુક્રેને લગાવ્યા ગંભીર આરોપ

**ભારતીય કંપનીઓ દ્વારા ઉત્પાદિત અથવા એસેમ્બલ કરાયેલા ઈલેક્ટ્રોનિક પાર્ટ્સ ઈરાની-ડિઝાઈન કરેલા ડ્રોનમાં મળી આવ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)રશિયા

યુક્રેન સાથે યુદ્ધ દરમિયાન રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતથી નારાજ છે. નારાજગીના ભાગરૂપે તેમણે ભારત પર ૨૫ ટકા ટેરિફ અને પેનલ્ટી પણ લાદી છે. અમેરિકાના આ સમર્થનને ધ્યાનમાં લેતાં યુક્રેને પણ ભારત પર આંગળી ચીંધી છે. તેણે આરોપ મૂક્યો છે કે, રશિયન સેના દ્વારા યુદ્ધમાં ઉપયોગમાં લેવાતા ઈરાની-ડિઝાઈનના ડ્રોનમાં ભારતીય બનાવટના ઈલેક્ટ્રોનિક ઘટકોનો ઉપયોગ થઈ રહ્યો છે. આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું કે યુક્રેને ઔપચારિક રીતે ભારત સરકાર અને યુરોપિયન યુનિયન (EU) સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે અને દાવો કર્યો છે કે ભારતીય કંપનીઓ દ્વારા ઉત્પાદિત અથવા એસેમ્બલ કરાયેલા ઈલેક્ટ્રોનિક પાર્ટ્સ ઈરાની-ડિઝાઈન કરેલા ડ્રોનમાં મળી આવ્યા છે.મીડિયા દ્વારા સમીક્ષા કરાયેલા દસ્તાવેજો અનુસાર, ગત વર્ષથી તોડી પાડવામાં આવેલા ૧૩૬ માનવરહિત લડાકૂ હવાઈ વાહનો (UCAV)માં આ પાર્ટ્સ મળી આવ્યા હતાં. ત્યારબાદ યુક્રેનના પક્ષે ઓછામાં ઓછા બે વખત ભારતીય વિદેશ મંત્રાલય સાથે ઔપચારિક રાજદ્વારી પત્રવ્યવહાર દ્વારા આ મુદ્દો ઉઠાવ્યો છે. સૂત્રોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે યુક્રેનના રાજદ્વારીઓએ જુલાઈના મધ્યમાં નવી દિલ્હીની મુલાકાત દરમિયાન EU પ્રતિબંધોના રાજદૂત ડેવિડ ઓ'સુલિવન સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો. ઓ'સુલિવન ગયા મહિને ભારતીય અધિકારીઓને EUના નવીનતમ પ્રતિબંધિત પગલાં વિશે માહિતી આપવા માટે ભારતની મુલાકાતે આવ્યા હતા, તેમણે રશિયન એનર્જી કંપની રોઝનેફ્ટની સંયુક્ત માલિકીની વાડીનાર રિફાઈનરી પર પણ પ્રતિબંધો લાદ્યા હતા. અને રશિયન ક્રૂડ ઓઈલમાંથી બનાવેલા રિફાઈન્ડ ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ વિશે માહિતી આપી હતી. દસ્તાવેજો અનુસાર, યુક્રેનના અધિકારીઓ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં જાણવા મળ્યું છે કે રશિયા દ્વારા ઉપયોગમાં લેવાયેલા શાહેદ ૧૩૬ ડ્રોનના ઉત્પાદનમાં વિશાય ઈન્ટરટેકનોલોજી અને ઓરા સેમિકન્ડક્ટરના ઈલેક્ટ્રોનિક પાર્ટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનું એસેમ્બલ ભારતમાં થયુ છે. આ દસ્તાવેજોમાં ચોક્કસ પાર્ટ્સની વિગતવાર માહિતી અને ફોટોગ્રાફ્સ પણ રજૂ કરવામાં આવ્યા છે. દસ્તાવેજો અનુસાર, ઈરાની-ડિઝાઈન કરેલા શાહેદ ૧૩૬ ડ્રોનના વોલ્ટેજ રેગ્યુલેટર યુનિટમાં ભારતીય કંપની વિશાય ઈન્ટરટેકનોલોજીના "બ્રિજ રેક્ટિફાયર ઈ૩૦૦૩૫૯" નો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જ્યારે ડ્રોનની સેટેલાઈટ નેવિગેશન સિસ્ટમના જામર-પ્રૂફ એન્ટેનામાં ઓરા સેમિકન્ડક્ટર દ્વારા ઉત્પાદિત PLL-આધારિત સિગ્નલ જનરેટર AU5426A ચિપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે સંપૂર્ણપણે તકનીકી આધાર પર, બંને કંપનીઓએ કોઈપણ ભારતીય કાયદાનું ઉલ્લંઘન કર્યું નથી.આ અંગેના એક પ્રશ્નના જવાબમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ભારત દ્વારા બેવડા ઉપયોગની વસ્તુઓની નિકાસ પરમાણુ અપ્રસાર પરની તેની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ સાથે સુસંગત છે, અને તે તેના મજબૂત સ્થાનિક કાનૂની અને નિયમનકારી માળખા પર આધારિત છે. આ નિકાસમાં અમારા કોઈપણ કાયદાનું ઉલ્લંઘન ન થાય તેની ખાતરી કરવા માટે યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે છે. નવી દિલ્હીમાં યુક્રેનના દૂતાવાસ તરફથી આ બાબતે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. જો કે, યુક્રેનના સંરક્ષણ ગુપ્તચર નિર્દેશાલય (HUR)એ તેના સત્તાવાર ફેસબુક પેજ અને ટેલિગ્રામ ચેનલ પર શાહેદ ૧૩૬ ડ્રોનમાં ભારતીય મૂળના પાર્ટ્સ મળી આવ્યા હોવાની જાણકારી આપી હતી.

### ઈથેનોલ મિશ્રિત પેટ્રોલની ગુણવત્તા વધુ સારી હોય છે?

# પેટ્રોલમાં ૨૭% ઈથેનોલ ભેળવવાની કેન્દ્રની તૈયારીથી વિવાદ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

તાજેતરમાં કેટલાક મીડિયા અહેવાલોમાં એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે પેટ્રોલમાં ૨૦% ઈથેનોલના મિશ્રણ (ઈ૨૦)થી વાહનોના એન્જિનને (ખાસ કરીને જૂના મોડલના વાહનોને) નુકસાન થઈ શકે છે. આવા દાવાને કેન્દ્ર સરકારે સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. પેટ્રોલિયમ મંત્રાલયે નિવેદન આપ્યું છે કે, આવા અહેવાલોમાં વિજ્ઞાન આધારિત મજબૂત પુરાવાનો સ્પષ્ટ અભાવ છે, તેમાં કોઈ તથ્ય નથી. મંત્રાલયે આંકડા આપીને જણાવ્યું હતું કે પેટ્રોલ કરતાં ઈથેનોલનું ઓક્ટેન રેટિંગ વધુ હોવાથી ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ વધુ ઉચ્ચ ગુણવત્તાવાળું હોય છે.

પેટ્રોલિયમ મંત્રાલયનું કહેવું છે કે, 'દેશ-વિદેશમાં વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત યાંત્રિક અને કાર્યક્ષમતા સંબંધિત વિવિધ પરીક્ષણોમાં જાણવા મળ્યું છે કે, ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ (E૨૦) જૂના તેમજ નવા વાહનોના એન્જિનમાં કોઈ ખાસ નુકસાન કરતું નથી કે એની કાર્યક્ષમતા ઘટાડતું નથી. ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ARAI), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોલિયમ (IIP), અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન R&D દ્વારા કરાયેલ ટેસ્ટિંગ દર્શાવે છે કે, E૨૦ના ઉપયોગ દરમિયાન વાહનમાં કોઈ અસામાન્ય ઘસારો, કાર્યક્ષમતા ક્ષતિ કે સ્ટાર્ટિંગમાં મુશ્કેલી જોવા મળી નથી.'

આ ઉપરાંત પેટ્રોલિયમ મંત્રાલયે કહ્યું હતું કે, 'પરંપરાગત પેટ્રોલનો ઓક્ટેન રેટિંગ માત્ર ૮૪.૪ હોય છે, જ્યારે કે ઈથેનોલનું ઓક્ટેન રેટિંગ ૧૦૮.૫ છે, એટલે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ વધુ ઉચ્ચ ગુણવત્તાવાળું અને સારી દહન ક્ષમતા ધરાવતું હોય છે, જે એન્જિન માટે વધુ અસરકારક બની શકે છે.' પેટ્રોલિયમ મંત્રાલયના જણાવ્યા મુજબ, માઈલેજમાં થતો થોડો ઘટાડો ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના કારણે નહીં, પણ ઓછી ઊર્જા ઘનતાને કારણે થાય છે, જે સામાન્ય ગણાય છે. આમ પણ આ ઘટાડો બહુ ઓછો છે અને જૂના વાહનોમાં જ થઈ શકે છે.

પેટ્રોલિયમ મંત્રાલયના જણાવ્યા અનુસાર, મોટા ભાગના વાહન નિર્માતા હવે એન્જિન ટ્યુનિંગમાં સુધારા સાથે ઈ૨૦ માટે અનુકૂળ ઘટકોનો સમાવેશ કરવા લાગ્યા છે. 'સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ' (SIAM)ના જણાવ્યા મુજબ, એપ્રિલ ૨૦૨૩થી બજારમાં ઉપલબ્ધ થયેલા વાહનો અપડેટેડ એન્જિન અને ફ્યુઅલ સિસ્ટમ સાથે ઈ૨૦ને અનુરૂપ વાહનો છે. તેથી ઈંધણ કાર્યક્ષમતા પર મોટી નકારાત્મક અસર થાય છે, એવો અહેવાલ ખોટો છે.

પેટ્રોલિયમ મંત્રાલયે કહ્યું હતું કે, 'BIS (બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ - ભારતીય ધોરણો સંસ્થા) તથા ઓટોમોટિવ ઉદ્યોગ ધોરણો દ્વારા ઈ૨૦ માટે જરૂરી સલામતી માપદંડો સ્પષ્ટપણે નિર્ધારિત છે. કેટલાક જૂના વાહનોમાં ૨૦,૦૦૦થી ૩૦,૦૦૦ કિલોમીટરના ઉપયોગ પછી રબર ગાસ્કેટ બદલવાની જરૂર પડી શકે છે, જે નિયમિત સર્વિસિંગ દરમિયાન સરળતાથી અને ઓછા ખર્ચે શક્ય છે.

# અમેરિકી ટેરિફની અસર ઓછી કરવા માટે ભારત આગામી મહિને રજૂ કરશે યોજના

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

અમેરિકાએ ભારત પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. ભારત ટ્રમ્પ ટેરિફ સામે લડત આપવા માટે વિવિધ યોજના બનાવી રહ્યુ છે. આ પરિસ્થિતિ વચ્ચે ભારત સરકારે ૨૦,૦૦૦ કરોડના એક્સપોર્ટ મિશનની તૈયારીઓ શરુ કરી છે. ૭ ઓગષ્ટથી અમેરિકાએ ભારતના સામાન પર ૨૫ ટકા ટેરિફ લગાવ્યો છે. રશિયા પર દબાણ સર્જવા માટે અમેરિકાએ ભારત પર ટેરિફ બોમ્બ ફેંક્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પે કહ્યુ છે કે, જો ભારત રશિયા સાથે સંબંધો જાળવી રાખશે તો અમેરિકા તેના પર વધુ ટેરિફ લગાવશે. તો આ તરફ ભારત પણ પોતાના મિશન પર કામ કરી રહ્યુ છે. ભારત પોતાના આયાત-નિકાસના વેપારને બચાવવા માટે આગામી મહિને યોજના રજૂ કરશે. અમેરિકાના પ્રભાવને ઓછુ કરવા માટે ભારત તમામ પ્રયત્ન કરી રહ્યુ છે. ભારત આગામી મહિને એટલે સપ્ટેમ્બરમાં એક યોજના રજૂ કરશે. જેના દ્વારા ૨૦,૦૦૦ કરોડના વેપાર મિશનથી આયાતકારને સમર્થન મળશે. આ યોજના દ્વારા ભારતના આયાતકાર ભારે ટેરિફથી બચી શકશે. આ ઉપરાંત વિદેશી બજારોમાં ગેરકાયદે બાધાઓને પણ અવગણી શકાશે. આ યોજના જાપાન, કોરિયા અને સ્વિટ્ઝલેન્ડ જેવા દેશની જેમ ભારતની બ્રાન્ડને વૈશ્વિક સ્તરે ઓળખ મેળવવામાં મદદ કરશે. આ યોજના હેઠળ ઈ-કોર્મસ હબ બનાવવામાં આવશે. અને જિલ્લાઓને નિકાસ કેન્દ્રમાં બદલવામાં આવશે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય નિકાસકારોને આગ્રહ કરી રહ્યુ છે કે, સ્થાનિક બ્રાન્ડ બનાવો અને તેનો પ્રચાર કરો. જેના કારણે ભારતીય બ્રાન્ડને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળશે. અને ટેરિફનો અસર પણ ઓછો થશે. આ મિશન વાણિજ્ય, MSME, નાણાં મંત્રાલયના સહયોગથી ચલાવવામાં આવશે.

## હિમાચલ-ઉત્તરાખંડમાં વરસાદ-ભૂસ્ખલન છનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

હવામાન વિભાગે ભારે વરસાદને લઈને દેશના આશરે ૧૨ જેટલા રાજ્યો માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જેમાં હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડનો પણ સમાવેશ થાય છે કે જ્યાં સ્થિતિ વધુ કથળી રહી છે. ઉત્તર પ્રદેશના ૧૩થી વધુ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ છે, જ્યારે મુખ્ય નદીઓ જેમ કે ગંગા, યમુના અને બેતવાએ ભયજનક સપાટી વટાવી દીધી છે. વરસાદની ઘટનાઓમાં ઉત્તરાખંડમાં ત્રણ અને હિમાચલ પ્રદેશમાં ત્રણ લોકોના મોત નિપજ્યા હતા. ઉત્તરાખંડમાં ડુબી જવાથી ત્રણ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે હિમાચલ પ્રદેશમાં વાહન ખાઈમાં ખાબકતા ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો હતો. રાજસ્થાનમાં પણ પરિસ્થિતિ વધુ કથળેલી છે ખાસ કરીને માધોપુર જિલ્લામાં પૂર આવ્યું હતું, પરીણામે મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ સોમવારે એરીયલ સરવે કર્યો હતો અને કેટલુ નુકસાન થયું છે તેની જાણકારી મેળવી હતી. ઉત્તરાખંડમાં સોમવારે ભાખરામાં ભારે કરંટને કારણે એક વ્યક્તિ તણાઈ ગઈ હતી. હલ્દવાણી રોડ પર રવિવારે ભુજિયાઘાટ પાસે બે લોકો ડુની ગયા હતા. રૂદ્રપ્રયાગ જિલ્લામાં પહાડી વિસ્તારોમાં ભુસ્ખલનને કારણે અનેક દુકાનો દટાઈ ગઈ હતી, દેહરાદુનમાં ભારે વરસાદને પગલે સોમવારે પણ શાળાઓ બંધ રાખવી પડી હતી.

### યુનિવર્સિટીમાંથી રાજકારણમાં ઝંપલાવ્યું

# જમ્મુ કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકનું નિધન થયું

**તબિયત વધુ બગડતાં ૧૧ મેના રોજ તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં**

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ કાશ્મીર

જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ મલિકનું આજે નિધન થયુ છે. દિલ્હીની રામ મનોહર લોહિયા હોસિપ્ટલમાં તેમણે ૭૯ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતાં. તેઓ લાંબા સમયથી બીમારીથી પીડિત હતા. લાંબા સમયથી તેઓ કિડનીની બીમારી સામે ઝઝૂમી રહ્યા હતાં. તબિયત વધુ બગડતાં ૧૧ મેના રોજ તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

સત્યપાલ મલિકે ઓગસ્ટ, ૨૦૧૮થી ઓક્ટોબર,૨૦૧૯ સુધી જમ્મુ-કાશ્મીરના અંતિમ રાજ્યપાલ તરીકે સેવા આપી હતી. તેમના કાર્યકાળ દરમિયાન પાંચ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ અનુચ્છેદ ૩૭૦ રદ કરવામાં આવી હતી. તેમજ જમ્મુ-કાશ્મીરને બે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. તેનો વિશેષ રાજ્યનો દરજ્જો દૂર કરાયો હતો.

આ નિર્ણયની આજે છઠ્ઠી વર્ષગાંઠ છે. અને આ દિવસે જ સત્યપાલ મલિકે અંતિમ શ્વાસ લીધા છે. ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના હિસાવદા ગામમાં ૨૪ જુલાઈ, ૧૯૪૬ના રોજ સત્યપાલ મલિકનો જન્મ થયો હતો. તેમણે મેરઠ યુનિવર્સિટીમાંથી સાયન્સમાં ગ્રેજ્યુએશન અને બાદમાં એલએલબીની ડિગ્રી હાંસલ કરી હતી. ૧૯૬૮-૬૯માં મેરઠ યુનિવર્સિટીના સ્ટુડન્ટ વિંગના અધ્યક્ષ તરીકે નિમણૂક થઈ હતી. ત્યારથી તેઓની રાજકારણમાં કારકિર્દી શરૂ થઈ હતી.ગતમહિને જ ૮-૯ જુલાઈના રોજ સોશિયલ મીડિયા પર સત્યપાલ મલિકના નિધનની અફવાઓ ફેલાઈ હતી. જેના પર પૂર્ણવિરામ મૂકતાં તેમના સત્તાવાર ઠ એકાઉન્ટ પર પોસ્ટ વિશે માહિતી આપવામાં આવી હતી કે, આદરણીય પૂર્વ ગવર્નર ચૌધરી સત્યપાલ સિંહ મલિક હાલ આઈસીયુમાં દાખલ છે. વરિષ્ઠ ડોક્ટરોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. અફવાઓથી દૂર રહો - કંવરસિંહ રાણા, પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકના અંગત સચિવ.




# તંત્રી લેખ......

## બિહાર બાદ હવે પશ્ચિમ બંગાળમાં વોટર વેરિફિકેશન થશે

ચૂંટણી પંચે બિહાર બાદ હવે બંગાળમાં પણ મતદારોની યાદીમાં SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન)ની પ્રક્રિયા શરૂ કરી છે. ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવને પત્ર લખી આ અંગે માહિતી આપી હતી. રાજ્યના ચૂંટણી પંચના અધિકારીઓને મતદારોની યાદી પર SIRની પ્રક્રિયા શરૂ કરવા આદેશ અપાયો છે. બિહારમાં મતદારોની યાદીનું પુનઃનિરીક્ષણનું કામ અંતિમ તબક્કામાં છે. SIR પ્રક્રિયા હેઠળ રાજ્યમાં ૧ ઓગસ્ટના રોજ ડ્રાફ્ટ વોટર લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું.આ પ્રક્રિયા બાદ બિહારમાં આશરે ૬૫ લાખ મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરાશે. જેમાં મોટાભાગના મતદારો મૃત્યુ પામ્યા છે. બાકીના એવા મતદારો સામેલ છે, જે અન્ય રાજ્ય કે વિદેશમાં સ્થાયી થયા હોય. અમુક એવા મતદારો પણ સામેલ છે, જેમના નામ એક કરતાં વધુ મત વિસ્તારોમાં નોંધાયેલા હતા. બિહારમાં ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી વોટર્સ SIR પ્રક્રિયાનો કોંગ્રેસ સહિત વિપક્ષ સતત વિરોધ કરી રહ્યો છે. વિપક્ષ ચૂંટણી પંચની આ કામગીરીને ભાજપ સાથે મીલિભગત ગણાવી રહ્યું છે. મતોની ચોરીનો પણ આરોપ મૂકાઈ રહ્યો છે. વિપક્ષનું કહેવું છે કે, ચૂંટણી પંચ ભાજપના ઈશારા પર મતોની ચોરીમાં ભાગીદારી આપી રહ્યું છે. બિહારમાં SIRનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ચૂક્યો છે. ચૂંટણી પંચની આ કામગીરીમાં મતદારોએ સક્રિયપણે રૂચિ દર્શાવી હતી. બીજી બાજુ અન્ય રાજકીય પક્ષો દ્વારા આ કામગીરી વિરૂદ્ધ ફરિયાદો થઈ રહી છે. યોગ્ય મતદારોને યાદીમાં સામેલ કરવા તેમજ અયોગ્ય મતદારોને દૂર કરવા સંબંધિત ૧૯૨૭ કેસ નોંધાયા છે. જ્યારે ફોર્મ-૬ હેઠળ નવા મતદારોની નોંધણી, નામ કમી તેમજ અન્ય ઘોષણા પત્ર સંબંધિત ૧૦૯૭૭ અરજી થઈ હતી.બિહારમાં રાજકીય પક્ષોની નિષ્ક્રિયતા વચ્ચે સામાન્ય મતદારોએ SIR પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પંચને મળેલી કુલ ૧૯૨૭ ફરિયાદો અને ૧૦૯૭૭ અરજી આ વાતનું પ્રમાણ છે કે, લોકો પોતાના મતાધિકાર માટે સજાગ છે. અરજીમાં મુખ્યત્વે નવા મતદારોનો ઉમેરો, ખોટું નામ દૂર કરવુ તેમજ મતદાર યાદીમાં સુધારા સંબંધિત પ્રશ્નો સમાવિષ્ટ છે. વિપક્ષ પણ આ પ્રતિસાદ પર મૌન છે. નિષ્ણાતોનું માનવુ છે કે, વિપક્ષના આશરે ૬૦,૦૦૦ બૂથ લેવલ એજન્ટ્સને અત્યારસુધી મતદાર યાદીમાં કોઈ વાંધાજનક નામ મળ્યું નથી. ચૂંટણી પંચે તમામ પક્ષો અને નાગરિકોને અપીલ કરી છે કે, તે મતદારોની યાદીને વધુ સચોટ બનાવવા સહયોગ આપે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૬૩૨ ઘટ્યો, ચાંદીનો વાયદો રૂ.૯૩ વધ્યો

**ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૨ લપસ્યોઃ નેચરલ ગેસમાં તેજીનો માહોલઃ મેન્થા તેલમાં નરમાઈઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૮૨૭.૪૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૨૯૦૩.૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૦૦૫૮.૫૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૨૮૯ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૮૫૭૩૨.૭૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૮૨૭.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૨૯૦૩.૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૨૮૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૨૨૫.૭૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૦૦૫૮.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૧૩૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૧૨૨૩ અને નીચામાં રૂ.૧૦૦૪૭૫ના મથાળે અથડાઈ, રૂ.૧૦૧૨૦૪ના આગલા બંધ સામે રૂ.૬૩૨ ઘટી રૂ.૧૦૦૫૭૨ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૯૪ ઘટી રૂ.૮૦૨૭૮ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૫ ઘટી રૂ.૧૦૦૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૭ ઘટી રૂ.૧૦૦૦૫૦ થયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૮૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૮૭૫ અને નીચામાં રૂ.૧૦૦૦૮૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૦૭૨૨ના આગલા બંધ સામે રૂ.૫૩૮ ઘટી રૂ.૧૦૦૧૮૪ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૨૨૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૨૬૯૭ અને નીચામાં રૂ.૧૧૨૦૦૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૨૨૩૬ના આગલા બંધ સામે રૂ.૯૩ વધી રૂ.૧૧૨૩૨૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧ વધી રૂ.૧૧૨૦૫૭ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૫૦ વધી રૂ.૧૧૨૦૮૪ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૧૧૭.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૬૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૭૦ અને નીચામાં રૂ.૪૪૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૨ વધી રૂ.૪૪૬૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૮૧૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૩૮ અને નીચામાં રૂ.૫૭૫૧ના મથાળે અથડાઈ, રૂ.૫૮૩૬ના આગલા બંધ સામે રૂ.૬૨ ઘટી રૂ.૫૭૭૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૬૦ ઘટી રૂ.૫૭૭૯ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૮ વધી રૂ.૨૬૩.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૬.૭ વધી રૂ.૨૬૩.૫ના સ્તરે પહોંચ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૪૬.૫ના ભાવે ખૂલી, રૂ.૪.૪ ઘટી રૂ.૯૪૭.૬ થયો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૫૭૦ના ભાવે ખૂલી, રૂ.૧૭ વધી રૂ.૨૬૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૩૨૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૧૫૩૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૬૪૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૪૯૧૮૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૪૨૫૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૨૦૫૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૨૬૧૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૨૯૬૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૭૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૦૭૮૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૬૨૭૭ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૪૦૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૪૨૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૨૮૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૧૦ પોઈન્ટ ઘટી ૨૩૨૮૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૫.૭ ઘટી રૂ.૧૪૨.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૯૫ વધી રૂ.૧૧.૬ના ભાવે બોલાયો હતો. સોનું ઓગસ્ટ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૯ ઘટી રૂ.૮૭૩.૫ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૮.૫ વધી રૂ.૨૫૭૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૪૩ ઘટી રૂ.૪.૦૬ થયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪ પૈસા ઘટી રૂ.૨ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૫.૦૫ ઘટી રૂ.૧૪૪ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫૫ વધી રૂ.૧૬.૦૫ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૬.૫ ઘટી રૂ.૧૩૪૯.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩.૫ ઘટી રૂ.૧૯૫૯.૫ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૧.૨ વધી રૂ.૧૭૩.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૮ ઘટી રૂ.૧૩.૧ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૪ વધી રૂ.૧૨૨૪.૫ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૨ વધી રૂ.૧૪૮૦ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩૬ વધી રૂ.૮.૮ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૨ પૈસા ઘટી રૂ.૧.૫ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૩.૪ વધી રૂ.૧૭૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૪૫ ઘટી રૂ.૧૩.૨૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૦ વધી રૂ.૧૩૫૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૯ વધી રૂ.૧૧૬૬.૫ના ભાવે બોલાયો હતો.

## આપણાં અન્નને સાત્વિક બનાવીએ, અન્ન જેટલું સાત્વિક હશે તેટલું જ જીવન નિરોગી બનશે :- રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી




નર્મદા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અંગે જનજાગૃતિ અભિયાનને વેગવાન બનાવવા માટે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં એકતા ઓડિટોરિયમ ખાતે "પ્રાકૃતિક કૃષિ...પ્રકૃતિના શરણે" વિષય પર નર્મદા જિલ્લાના ખેડૂત ભાઈ-બહેનો માટે પરિસંવાદ યોજાયો હતો.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, હરિયાણાના ગુરુકુળમાં થયેલા અનુભવોના આધારે પ્રાકૃતિક કૃષિ તરફ વળવાનો મેં નિર્ણય કર્યો હતો. જેના આજે મને સારા એવા પરિણામો મળ્યા છે. ગુરુકુળમાં અભ્યાસ કરતા બાળકોને પ્રાકૃતિક ઉપજ વાળું અનાજ-દૂધ ખવડાવી સ્વસ્થ અને તંદુરસ્ત જીવનની પણ ભેટ આપી છે. આ અભિયાનનો સમગ્ર ગુજરાતમાં પ્રચાર-પ્રસાર કરવાથી અને પ્રાકૃતિક કૃષિની ખેડૂતોને તાલીમ આપતા ખેડૂતોને કારણે આજે ખેતીમાં રસાયણોને જાકારો આપી આપણે પ્રાકૃતિક ખેતી અપનાવીને પ્રગતિશીલ ખેડૂતો આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવાના યજ્ઞમાં સહભાગી બની રહ્યા છે.

સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગ જેવી ગંભીર સમસ્યા સામે લડી રહ્યું છે ત્યારે ખોરાકી ઝેરના કારણે મનુષ્યના શરીરમાં થઈ રહેલા વિવિધ રોગોનો એકમાત્ર ઉપાય પ્રાકૃતિક કૃષિ છે. પ્રાકૃતિક કૃષિના માધ્યમથી આપણા બાળકોને સ્વસ્થ જીવનની ભવિષ્યમાં ભેટ આપી શકીએ તેમ છે. તેથી જ ભારતના ભવિષ્યને બચાવવા માટેનો એકમાત્ર રસ્તો પણ પ્રાકૃતિક કૃષિ જ છે. દેશી ગાય આધારિત ખેતી એટલે કે ઝેર મુક્ત ખેતી- પ્રાકૃતિક ખેતી જ આપણને સ્વસ્થ અને નિરોગી જીવન માટે સહાયરૂપ સાબિત થઈ રહી છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિના મુખ્યત્વે પાંચ આયામોની સમજ આપી જીવામૃત, ઘનજીવામૃત બનાવવાની પદ્ધતિઓ અને તેનો ખેતીમાં ઉપયોગ, જમીનની ફળદ્રુપતા વધારવા માટેના પગલાં વિશે વિસ્તારથી ખેડૂતોને સંવાદ સાથે જાણકારી આપી હતી. ખેડૂતોને ખેતીમાં સહાયક બનતા મિત્ર કિટકો અને શત્રુ કિટકોની પણ સમજ આપી હતી. મિત્ર કિટકોની વધુ પ્રમાણમાં જાળવણી કેવી રીતે કરી શકાય તેની વૈજ્ઞાનિક પદ્ધતિઓ, દેશી ગાયના છાણ અને ગૌમૂત્ર સુક્ષ્મ જીવાણુ અને અળસિયું ખેડૂતોને કેટલાં મદદરૂપ થાય છે તે અંગે પણ વિસ્તારપૂર્વક વીડિયો ક્લિપના માધ્યમથી માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યપાલશ્રીએ એક પરિવારનું ઉદાહરણ આપી સમજાવ્યું કે, ઘરના રસોડામાં રસોઈ બનાવવા માટેનો સંપૂર્ણ સામાન પડ્યો હોય પરંતુ જો રસોઈ બનાવનાર વ્યક્તિ જ ન હોય તો રસોઈ આપોઆપ બનીને બહાર આવતી નથી તેવી જ રીતે પ્રાકૃતિક કૃષિના પરિણામલક્ષી આયામોને સાકાર કરવા માટે અળસીયા એ ખેડૂતોના મિત્રો છે એકબીજાના પુરક છે. જેઓ જમીનમાં ખેતી માટે રસોઈ બનાવવાનું કામ કરે છે. તે પોતાના જીવનકાળ દરમિયાન જમીનને સતત ફળદ્રુપ પોષકતત્વો ઉમેરી રાખવાનું કાર્ય કરે છે અને મૃત્યુ પછી પણ જમીન માટે જરૂરી પોષક તત્વો પૂરાં પાડે છે. તેવી જ રીતે ધરતી એ વૃક્ષોનું રસોડું છે, સૂક્ષ્મ જીવાણું તેને રસોઈ બનાવવામાં મદદરૂપ થાય છે. તેથી જ આપણે સૂક્ષ્મ જીવાણુંઓનું જતન કરી જમીનને ફળદ્રુપ બનાવવા માટેનું કાર્ય કરીએ અને હંમેશા પ્રાકૃતિક કૃષિનો આગ્રહ રાખીએ.

આજની યશોદાઃ અમૃતરૂપી દૂધદાનથી નવજાતને આપે છે નવજીવન

## રાજ્યમાં અત્યાર સુધી ૧૯,૭૩૧ બાળકોને અમૃતરૂપી દૂધનું દાન કરી ૨૧,૩૫૭ માતાઓ બની યશોદા

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલપએથી મીઠી તે મોરી માત રેપજનનીની જોડ સખી! નહિ જડે રે લોલપકવિ બોટાદકર રચિત ઉપરોક્ત પંક્તિ 'માતા'ની મહાનતા દર્શાવે છે. બાળકને મન 'મા' સર્વસ્વ હોય છે. બાળકના જન્મથી લઈને છ મહિના સુધી માતાનું દૂધ બાળક માટે અમૃત સમાન છે. પરંતુ જે માતા બાળકને દૂધ નથી આપી શકતી તેવા બાળકો અને આરોગ્યના કારણસર જે બાળકો માતાના દૂધને સીધુ ગ્રહણ કરવા સક્ષમ નથી હોતા તેવા બાળકોને બીજી માતા પરોક્ષ માતા તરીકે અમૃતરૂપી દૂધ આપી શકે તેવી રાજ્ય સરકારની વ્યવસ્થા એટલે 'હ્યુમન મિલ્ક બેંક' (માનવ દૂધ બેંક).

રાજ્યના નવજાત શિશુઓને પોષણક્ષમ આહાર મળી રહે તેમજ બાળ મૃત્યૃદરનું પ્રમાણ ઘટે તેવા ઉમદા આશયથી રાજ્ય સરકારના સહયોગથી સરકારી હોસ્પિટલમાં 'હ્યુમન મિલ્ક બેંક' કાર્યરત છે. આ બેંક અનેક નવજાત બાળકોના પોષણનું માધ્યમ બની રહી છે. સામાન્ય રીતે મધર મિલ્ક બેંક તરીકે ઓળખાતી આ માતૃબેંકમાં અનેક માતાઓ પોતાના મહામૂલા ધાવણનું દાન કરી નવજાત બાળકો માટે સાચા અર્થમાં યશોદા બની રહી છે.

રાજ્યમાં કાર્યરત 'હ્યુમન મિલ્ક બેંક' માં અત્યાર સુધીમાં ૨૧,૩૫૭ માતાઓ દ્વારા અમૃતરૂપી દૂધનું દાન કરાયું છે. જેનો અંદાજે ૧૯,૭૩૧ બાળકોને લાભ અપાયો છે. રાજ્યની રાજધાની ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે વર્ષ ૨૦૨૧ થી આવી જ એક હ્યુમન મિલ્ક બેંક કાર્યરત છે. આ બેંકમાં અત્યાર સુધી કુલ ૬૪૬ માતાઓએ પોતાના અમૃતરૂપ દૂધનું દાન કર્યું છે. આ દૂધથી ૬૯૪ બાળકોને નવજીવન મળ્યું છે. આ બેંકમાં અત્યાર સુધી ૧૮૩.૧૮ લીટર દૂધ એકત્ર કરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતની એસ.એસ.જી હોસ્પિટલ વડોદરાને ઉચ્ચ ગુણવત્તા યુક્ત માપદંડોનું (NQAS) પ્રમાણપત્ર અનાયત કરવામાં આવ્યું છે. આ પ્રકારનું પ્રમાણપત્ર મેળવનાર આ હોસ્પિટલ ભારતની પ્રથમ હોસ્પિટલ છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૪-૨૫માં હ્યુમન મિલ્ક બેંકમાં ૫,૫૩૭ માતાઓએ ૫,૦૩૬ લીટર દૂધ ડોનેટ કર્યું છે. આ વર્ષે હ્યુમન મિલ્ક બેંક દ્વારા ૨,૦૯૨ લીટર દૂધ આપીને ૭,૮૨૯ બાળકોને નવજીવન મળ્યું છે.

ગુજરાતમાં દર વર્ષે અંદાજે ૧૩ લાખ બાળકોનો જન્મ થાય છે જેમાંથી અમુક બાળકો પ્રિટર્મ હોય છે અને ઓછા વજનવાળા હોય છે. આ તમામ બાળકો જ્ઞાનાત્મક વિકાસની દ્રષ્ટિએ સંવેદનશીલ હોય છે. સામાન્ય રીતે તેમની તબીબી પરિસ્થિતિઓને કારણે તેઓ માતાનું દૂધ સીધું ગ્રહણ કરી શકતા નથી. આવા બાળકો માટે આ અન્ય માતાઓ દ્વારા આપવામાં આવેલું દૂધ અમૃત સમાન બને છે.

ભારત સરકારના ગાઈડલાઈન મુજબ કોમ્પ્રીહેન્સીવ લેકટેશન મેનેજમેન્ટ સેન્ટર CLMC એટલે કે, હ્યુમન મિલ્ક બેંક રાજ્યની ૪ મેડિકલ કોલેજ હોસ્પિટલ સુરત, વડોદરા, વલસાડ અને ગાંધીનગર ખાતે કાર્યરત છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૧,૩૫૭ માતાઓ દ્વારા મિલ્ક ડોનેટ કરી ૧૯,૮૭૧ બાળકોને તેમના આ પોષણયુક્ત મિલ્કનો લાભ આપવામાં આવ્યો છે.

રાજ્યની અનેક માતાઓ અમૃતદાતા બની છે તો ચાલો જાણીએ આ પહેલ વિશેઃ

માતાઓના તમામ તબીબી રિપોર્ટ નેગેટીવ આવ્યા બાદ તેમનું દૂધ લેવાય છે

સગર્ભા મહિલાઓની ડિલીવરી થયા બાદ જો વધારે ફિડીંગ આવતુ હોય તો તેવી માતાઓને બ્રેસ્ટ ફિડીંગનું મહત્વ સમજાવીને સ્ક્રીનીંગ કરીને તેના બ્લડ રીપોર્ટ કરવામાં આવે છે. જેમાં એચ.આઈ.વી., કમળો, સીફિલીસ જેવા રોગોની તપાસ કર્યા બાદ રીપોર્ટ નોર્મલ આવે તો તેવી માતાઓનું દૂધ લેવામાં આવે છે. માતાનું દૂધ લેવા માટે ઈલેક્ટ્રીક બ્રેસ્ટ પંપનો ઉપયોગ કરવામાં આવે છે. જેનાથી યોગ્ય માત્રામાં અને જરૂર પૂરતું જ માતાનું દૂધ લઈ શકાય અને તેનાથી માતાને કોઈ શારીરિક નૂકસાન કે દર્દ થતું નથી.

માતાના દૂધને ડીપ-ફ્રિજમાં -૧૮ થી -૨૦ ડિગ્રી તાપમાને સ્ટોરેજ કરી છ મહિના સુધી સાચવી શકાય

આ ડોનેટ કરેલા દૂધને પેશ્ચરાઈઝ્ડ કરી તેનું રેપીડ કુલીંગ થયા બાદ મિલ્કનું સેમ્પલ માઈક્રો બાયોલોજી ડિપાર્ટમેન્ટમાં રીપોર્ટ માટે મોકલાય છે. દૂધનો રીપોર્ટ નોર્મલ આવ્યા બાદ તેને ડીપ-ફ્રિજમાં -૧૮થી -૨૦ ડિગ્રી તાપમાને સ્ટોર કરાય છે. સામાન્ય રીતે ૧૨૫ સ્ની એક બોટલમાં ત્રણ માતાઓના દૂધને મિશ્ર કરાય છે. આ સંગ્રહિત અમૃત છ માસ ચાલે છે. અધૂરા માસે જન્મેલા બાળકો કે જેમનું વજન ૧ કિલો ૮૦૦ ગ્રામથી ઓછું હોય, બાળક કોઈ બીમારીના કારણે ICU માં ભરતી હોય અને તેમની માતા હોસ્પિટલ પહોંચી શક્યા ના હોય તેવા બાળકોને આ બેંકમાંથી દૂધ આપવા માટે પ્રાધાન્ય અપાય છે. આ પરિસ્થિતિમાં બાળકો માટે હ્યુમન મિલ્ક બેંક પ્રાણરક્ષક સાબિત થાય છે.

દૂધદાનની પ્રક્રિયાઃ સલામત અને સરળઃ દૂધનું દાન રક્તદાન જેટલું જ અમૂલ્ય

ઘણી માતાઓને પોતાનું બાળક ધરાઈ જાય તો પણ વધે એટલું ધાવણ આવતું હોય છે. મમતા જેવા દૂધની સરવાણી વહેતી હોય એવી માતાઓ પોતાના બાળકને પૂરતું ધાવણ આપ્યાં પછી વધારાના ધાવણનું જે બાળકો કોઈપણ કારણસર માતાના દૂધથી વંચિત છે તેમના માટે દાન કરી શકે છે, એટલે કે આ બેંકમાં જમા કરાવી શકે છે. રકતદાનની જેમ જ દૂધની દાતા માતાના શરીરને કોઈ જ નુકશાન થતું નથી. માતાના દૂધનું દાન રક્તદાન જેટલું જ અમૂલ્ય છે.

વિશ્વભરના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ-કાળજી માટે માટે દર વર્ષે ૧ થી ૭ ઑગસ્ટ દરમિયાન વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે . આ સપ્તાહ ઉજવણીનો આશય બાળકના જન્મના પ્રથમ કલાકથી જ સ્તનપાનનો પ્રારંભ, છ માસ સુધી ફક્ત સ્તનપાન પર ઉછેર અને ૬ માસ બાદ માતાના દૂધની સાથે ઉપરી આહારની શરૂઆતની પરંપરાની જાગૃતિ કેળવવાનો છે જેથી બાળકના આરોગ્ય અને પોષણ સ્તરમાં સુધારો થઈ શકે અને બાળકનું જીવન બચાવવાની સાથે અમૂલ્ય એવું સ્વસ્થ જીવન ભેટ કરી શકાય.

- ઋચા રાવલ

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## રાજકોટ ભાજપમાં જુથવાદ ફરી વકર્યો : સાંસદને કોર્પોરેશન અને પાર્ટીના કાર્યક્રમોથી દુર કરવા કર્યો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ મહાનગર અને મહાપાલિકા ભાજપમાં જુથવાદ અને વધતા જતા અંતરના પડઘા છેક પ્રદેશ સુધી પડયા છે. લાંબા સમયથી રાજય સભાના સાંસદ રામભાઈ મોકરીયા સામે પ્રમુખોથી માંડી પદાધિકારીઓના અપમાન કરવાની ઉઠેલી ફરીયાદો વચ્ચે તાજેતરમાં શહેર અને પ્રદેશ ભાજપ વચ્ચે થયેલી ચર્ચા વિચારણાને અંતે હવેથી રામભાઈ મોકરીયાને શહેર ભાજપ કે કોર્પોરેશનના કોઈ કાર્યક્રમોમાં આમંત્રણ ન આપવા માટેનો નિર્ણય લેવાયાનુ પાર્ટીના ઉચ્ચ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે. કોર્પોરેશનના છેલ્લા આંગણવાડી ઉદ્‌ઘાટનના કાર્યક્રમથી આ સુચનાનો અમલ શરૂ થઈ ગયાની છાપ ઉપસી છે. તમામ આમંત્રણ પત્રિકામાં પદાધિકારીઓ સાથે મોટા ભાગે ધારાસભ્યો અને સાંસદ સભ્યોના નામ હોય છે. પરંતુ હવે એક સાંસદના નામ પર હાલ ચોકડી મારી દેવા પ્રદેશે લીલીઝંડી આપતા હવે પાર્ટીમાં તેના કેવા પડઘા પડે છે તે પણ આગામી દિવસોમાં જોવા મળશે.

રાજય સભાના ભાજપના સાંસદ સભ્ય રામભાઈ મોકરીયા જાહેરમાં તેમની મનકી બાત કહેવા માટે જાણીતા છે, અને જાહેર કાર્યક્રમોમાં તેમને પદાધિકારીઓ સાથે કોઈને કોઈ કારણે ખટપટ થતી હોય છે. કોર્પોરેશનની વર્તમાન છેલ્લી અઢી વરસની ટર્મની બોડી બાદ આ ઉકળાટ વધુ બહાર આવ્યો હતો. સામા કાંઠાના કાર્યક્રમોથી માંડી કોર્પોરેશન કચેરીએ મીટીંગમાં રામભાઈ મોકરીયાએ હોદ્દેદારો અને પદાધિકારીઓને બેફામ ઝાટકયાનુ કાર્યકરોથી માંડી અધિકારીઓએ પણ નિહાળ્યુ છે. પરંતુ છેલ્લે કોર્પોરેશન કચેરીમાં પ્રભારી મંત્રી રાઘવજી પટેલની હાજરીમાં મળેલી સંકલન મીટીંગમાં સાંસદના વર્તનની નોંધ મંત્રીએ પણ લીધી હતી. આ મીટીંગ બાદ ત્યાં હાજર રહેલા લોકોએ કહ્યુ હતુ કે રામભાઈ મોકરીયાએ પ્રમુખ માધવ દવેનુ ખરાબ ભાષામાં અપમાન કર્યુ હતું. પૂર્વ પ્રમુખના નામને યાદ કરીને બેફામ શબ્દો સંભળાવ્યા હતા,




પાર્ટીએ નિયુકત કરેલા પ્રમુખ સાથેના આ વાણીવર્તનની નોંધ ઉપર સુધી લેવાઈ છે. અગાઉ મુખ્યમંત્રી રાજકોટ આવ્યા ત્યારે પ્રમુખસ્વામી ઓડીટોરીયમમાં પણ રામભાઈ મોકરીયાએ પ્રમુખ સહિતના હોદ્દેદારોને ખખડાવ્યા હતા. હોદ્દાની ગરીમાનુ પણ અપમાન થતુ હોવાનુ કહીને ગણા લોકોએ પ્રદેશ સુધી વાત પહોચાડી હતી. કોર્પોરેશનમાં બેસતા ભાજપના પદાધિકારીઓ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો પણ તેઓ કરી ચુકયા છે. અધિકારીઓને પણ તેઓ અવાર નવાર ખખડાવે છે.

પરંતુ હોદ્દેદારો સાથે તેમનુ વર્તન અવાર નવાર પડઘારૂપે પ્રદેશ સુધી પહોચે છે. આ વખતે પ્રભારી મંત્રીની હાજરીમાં બનેલી ઘટના બાદ વાત હાઈકમાન્ડ સુધી પહોચી ગઈ હતી. રામભાઈ મોકરીયા કોર્પોરેશન કે પાર્ટીના જે કાર્યક્રમમાં હાજર હોય ત્યાં વિવાદ થાય છે તેવો રીપોર્ટ પણ પહોચ્યો હતો. આથી રામભાઈને કોર્પોરેશન કે પાર્ટીના કોઈ કાર્યક્રમમાં ન બોલાવવા અને આમંત્રણ પત્રિકામાં નામ ન લખવા કોર્પોરેશનના જવાબદારોને સુચના આપી દેવામાં આવી છે. જો કે હાલ રામભાઈ સંસદના સત્રમાં છે આથી તેઓ રાજકોટ પરત ફરે ત્યારબાદ શું સ્થિતિ ઉભી થાય છે તે જોવાનુ રહેશે. વધુમાં રાજકોટ મહાનગર ભાજપમાં આ નિર્ણયના પડઘા પડે તેવુ પણ કહેવાય છે. છતાં હાલ તો આ નિર્ણય ઉપરથી લેવાયો છે. આથી તાબડતોબ કોઈ રીએકશન આવશે કે કેમ તેનો પણ કોઈ જુથ ઈંતજાર કરી રહ્યુ છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### પ્રવાસન સચિવ શ્રી રાજેન્દ્ર કુમારે અંબાજીમાં અધિકારીઓની સાથે શ્રેણીબદ્ધ મીટિંગો કરી

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નિર્દેશનમાં હવે અધિકારીઓએ પણ અપનાવ્યો 'સમીક્ષા ઉપક્રમ', અંબાજી પહોંચ્યા પ્રવાસન સચિવ શ્રી રાજેન્દ્ર કુમાર

### અંબાજીમાં ૧ સપ્ટેમ્બરથી શરૂ થશે ભાદરવી પૂનમ મહામેળોઃ 'સ્વચ્છતા અને સુરક્ષા' ના મંત્ર સાથે શ્રદ્ધાળુઓની સુવિધા માટે વહીવટીતંત્ર સજ્જ થઈ રહ્યું છે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે છેલ્લા કેટલાક સમયથી રાજ્યના હાઈ પ્રાયોરિટી એટલે કે ઉચ્ચ પ્રાથમિકતા ધરાવતા પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવાના એક નવા ઉપક્રમનો પ્રારંભ કર્યો છે. મુખ્યમંત્રીશ્રીના આ જ ઉપક્રમને હવે ઉચ્ચ અધિકારીઓએ પણ અપનાવવાનું શરૂ કર્યું છે. આ જ ક્રમમાં પ્રવાસન વિભાગના સચિવ શ્રી રાજેન્દ્ર કુમારે પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ૧ સપ્ટેમ્બરથી શરૂ થવા જઈ રહેલા ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓની સમીક્ષા કરી.



અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો આ વર્ષે ૧ થી ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી યોજાશે. આ મહામેળામાં ૩૫ થી ૪૦ લાખ શ્રદ્ધાળુઓ સામેલ થશે એવી સંભાવના છે. મહામેળાની તૈયારીઓની સમીક્ષા કરવા માટે પ્રવાસન સચિવ શ્રી રાજેન્દ્ર કુમાર અંબાજી પહોંચ્યા, જ્યાં તેમણે શ્રેણીબદ્ધ મીટિંગો કરી. તેમણે સંબંધિત વિભાગો અને અધિકારીઓની સાથે અંબાજી મેળાની તૈયારીઓની તેમજ રીંછડિયા મહાદેવ તથા તેલિયા ઈકો ટ્રેલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સની પણ સમીક્ષા કરી. તેમણે આ સંબંધિત સ્થળોની મુલાકાત પણ લીધી.

**અંબાજી મેળામાં શ્રદ્ધાળુઓ માટે સ્વચ્છતા-સુરક્ષાનો મંત્ર**

શક્તિ, ભક્તિ અને પ્રકૃતિના ત્રિવેણી સંગમ સમાન યાત્રાધામ અંબાજીમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ-અંબાજીના સંયુક્ત ઉપક્રમે ભાદરવી પૂનમનો મેળો આયોજિત થાય છે. પ્રવાસન સચિવ શ્રી રાજેન્દ્ર કુમારે મીટિંગ દરમિયાન મેળામાં આવનારા શ્રદ્ધાળુઓ માટે સ્વચ્છતા અને સુરક્ષાના મંત્ર સાથે સુદૃઢ તેમજ ઉત્તમ વ્યવસ્થાઓ પ્રદાન કરવા માટેની તૈયારીઓની સમીક્ષા કરી. મીટિંગમાં અંબાજી મેળામાં આવનારા મુલાકાતીઓની સુરક્ષા, એસટી બસ, ઈલેક્ટ્રિસિટી, ક્રાઉડ મેનેજમેન્ટ, પીવાનું પાણી, કામચલાઉ વિરામ અને વિશ્રામનું સ્થળ, ભોજન, સફાઈ, આરોગ્ય, સેનિટેશન, ફાયર સેફ્ટી વગેરે વિષયો પર જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા. ખાસ કરીને સ્વચ્છતા, સુરક્ષા અને ભીડ નિયંત્રણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ શ્રી રમેશ મેરજાએ અંબાજી મેળા દરમિયાન બોર્ડ દ્વારા કરવામાં આવનારી વિવિધ વ્યવસ્થાઓ જેવીકે કામચલાઉ આવાસ સુવિધા, પાર્કિંગ, લાઈટિંગ વગેરેની વિસ્તૃત સમીક્ષા કરી. પ્રવાસન સચિવે બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર તથા અંબાજી ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી મિહિર પટેલ દ્વારા જિલ્લા સ્તરીય કુલ ૨૯ સમિતિઓ તરફથી કરવામાં આવનારા કાર્યો અને આયોજનો વિશે ચર્ચા કરી, તેમજ તમામ વિભાગો વચ્ચે સમન્વય, કટોકટીની સ્થિતિમાં કંટ્રોલ રૂમમાંથી તાત્કાલિક કનેક્ટિવિટીની વ્યવસ્થાઓની સમીક્ષા કરી. અંબાજી મંદિરના સંચાલક તેમજ અધિક કલેક્ટર શ્રી કૌશિક મોદીએ મેળાના આયોજન અંગે પ્રેઝન્ટેશન આપ્યું.

**મેળામાં આવાસ અને ભોજનની સુવિધાઓ, રોશનીથી ઝળહળશે મંદિરનું પરિસર**

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અંબાજી મેળામાં યાત્રી સુવિધાઓ માટે અનેક વ્યવસ્થાઓ કરવામાં આવશે. તેમાં ૬ સ્થળો પર શૌચાલયની સુવિધા, મિનરલ વૉટરની સુવિધા, પ્રાથમિક ચિકિત્સા/મેડિકલ કાઉન્ટર, રજિસ્ટ્રેશન ડેસ્ક વગેરે સાથે વિશ્રામ માટે શેલ્ટર ડોમ્સ, ૨ સ્થળો પર નિઃશુલ્ક ભોજન માટેના શેલ્ટર ડોમ્સ, ૩૨ સ્થળો પર બેરિકેડિંગ અને સુરક્ષા માટે સીસીટીવી કેમેરાથી સજ્જ પાર્કિંગ સ્થળો, અંબાજી તરફ જતા હાઈવે પર ૧૫ સ્થળોએ શૌચાલય અને સ્નાનની સુવિધાઓ, ૩૦ સ્થળોએ પીવાના પાણીના કાઉન્ટર, ૧૦ સ્થળોએ મેડિકલ કાઉન્ટર સ્થાપિત કરવામાં આવશે. અંબાજી નગરમાં હેન્ડિક્રાફ્ટ્સની વસ્તુઓના સ્ટોલ્સ, એક દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ, અંબાજી મુખ્ય મંદિર, તેના પ્રાંગણમાં, શક્તિ દ્વાર અને તેના કોરિડોરમાં લાઈટિંગની વ્યવસ્થા, અંબાજી નગરના દ્વાર અને મંદિર તરફ જતા રસ્તાઓ પર લાઈટિંગની વ્યવસ્થા, અંબાજી મુખ્ય રસ્તો, ડી.કે. ત્રિવેદી સર્કલ અને સર્કિટ હાઉસ સર્કલની થીમેટિક લાઈટિંગ (થીમ આધારિત લાઈટિંગની વ્યવસ્થા) અને ગબ્બર હિલ માર્ગ પર સુશોભન લાઈટિંગ, સુશોભન ઈન્સ્ટોલેશન અને વૃક્ષોની રોશનીની સાથે સમગ્ર અંબાજી યાત્રાધામ વિસ્તાર ઝળહળી ઉઠશે.

# ૮ ઑગસ્ટથી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ભુજ-રાજકોટ સ્પેશિયલ ટ્રેન રદ

પશ્ચિમ રેલવે દ્વારા હાલમાં મુસાફરોની સંખ્યામાં ઘટાડાને ધ્યાનમાં રાખીને, ટ્રેન નંબર ૦૯૫૪૬/૦૯૫૪૫ ભુજ-રાજકોટ-ભુજ ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નંબર ૦૯૫૪૬ ભુજ-રાજકોટ ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ ૮ ઑગસ્ટ ૨૦૨૫ થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી રદ રહેશે.

ટ્રેન નંબર ૦૯૫૪૫ રાજકોટ-ભુજ ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ ૭ ઑગસ્ટ ૨૦૨૫ થી ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી રદ રહેશે.

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને બંધારણ સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લઈ શકે છે.

# શ્રી દિનેશ વર્માએ ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજરનો ચાર્જ સંભાળ્યો

શ્રી દિનેશ વર્માએ ૦૪.૦૮.૨૦૨૫ (સોમવાર)ના રોજ પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજરનો ચાર્જ સંભાળ્યો. આ પહેલા, શ્રી દિનેશ વર્મા લખનૌના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર / ટેલિકોમ / **RDSO** તરીકે કાર્યરત હતા.

શ્રી દિનેશ વર્મા ભારતીય રેલવે સિગ્નલ એન્જિનિયરિંગ સર્વિસ **(IRSSE)** ના ૧૯૯૫ બેચના વરિષ્ઠ અધિકારી છે.

તેમણે ગોરખપુરની મદન મોહન માલવીય યુનિવર્સિટી ઓફ ટેકનોલોજીમાંથી ઈલેક્ટ્રોનિક અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગમાં સ્નાતક થયા છે.

શ્રી દિનેશ વર્માએ દક્ષિણ પૂર્વ રેલવે, ઉત્તર મધ્ય રેલવે અને પૂર્વ કોસ્ટ રેલવેના ઘણા મહત્વપૂર્ણ પદો પર કામ કર્યું છે. તેમણે ઝાંસી/ઉત્તર મધ્ય રેલવેમાં એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર અને **DFCCIL** માં જનરલ મેનેજર/ **S&T** તરીકે પણ કામ કર્યું છે.



# ભાવનગર મંડળના લોકો પાયલટોની સતર્કતાથી ૫ સિંહોને પેસેન્જર ટ્રેનની અડફેટે આવવાથી બચાવાયા

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા સિંહો અને અન્ય વન્યજીવોની સુરક્ષા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મંડળના નિર્દેશ મુજબ ટ્રેનો ચલાવતા લોકોપાયલટો નિર્ધારિત ઝડપનું પાલન કરીને વિશેષ સતર્કતાથી કામગીરી કરી રહ્યા છે. ભાવનગર રેલવે મંડળના લોકો પાયલટોની સતર્કતા અને વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરોની મદદથી ગયા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૧૫૯ સિંહોના જીવ બચાવવામાં આવ્યા હતા. હાલના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અત્યાર સુધીમાં કુલ ૨૯ સિંહોના જીવ બચાવાઈ ચૂક્યા છે.



ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે ૪.૮.૨૦૨૫ (સોમવાર) ના રોજ લોકો પાયલટ શ્રી બલિરામ કુમાર (મુખ્યાલય – જૂનાગઢ) અને સહાયક લોકો પાયલટ શ્રી હરદીપ ગરલા (મુખ્યાલય – જૂનાગઢ) દ્વારા જૂનાગઢ-વેરાવળ મીટરગેજ સેક્શન વચ્ચે કિમી નં. ૧૧/૦૧ થી ૧૧/૦૨ વચ્ચે ચાર સિંહો (એક સિંહ, એક સિંહણ અને તેમનાં ત્રણ બચ્ચાં)ને રેલવે ટ્રેક પર સૂતાં જોયા હતા તો તત્કાળ લોકો પાયલટે જૂનાગઢથી વેરાવળ તરફ જતી પેસેન્જર ટ્રેન (૫૨૯૪૬) ને ઈમર્જન્સી બ્રેક લગાવીને રોકી દીધી. લોકો પાયલટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ)ને જાણ કરવામાં આવી. બાદમાં ફોરેસ્ટ ટ્રેકરે આવીને સિંહોને ટ્રેક પરથી દૂર હટાવ્યા અને તમામ સ્થિતિ સામાન્ય હોવાનું નિરીક્ષણ કર્યા પછી લોકો પાયલટને ટ્રેન આગળ ચલાવવાની મંજૂરી આપી.

આ ઘટના અંગે જાણ થતાં મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્મા તેમજ અન્ય અધિકારીઓ દ્વારા લોકો પાયલટોના આ પ્રશંસનીય કાર્ય માટે તેમની પ્રશંસા કરવામાં આવી.

# ગાંધીનગર ખાતે મુખ્ય સચિવ શ્રી પંકજ જોશીની અધ્યક્ષતામાં આધાર-UID અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ

રાજ્યમાં આધાર સંબંધિત સેવાઓને વધુ સરળ અને ઝડપી બનાવવાના હેતુ સાથે મુખ્ય સચિવ શ્રી પંકજ જોશીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આધાર-**UID** અમલીકરણ સમિતિ-**UIDIC**ની બેઠક યોજાઈ હતી.



આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પંકજ જોશીએ ગુજરાતમાં **UIDAI**ની કામગીરીને વધુ સરળ બનાવવા અને રાજ્યભરમાં આધાર-સંબંધિત સેવાઓની ઝડપી ડિલિવરી સુનિશ્ચિત કરવાની પ્રતિબદ્ધતા પર પ્રાધાન્ય આપ્યું હતું. આધાર ટીમ સાથેની ચર્ચામાં મુખ્ય સચિવ શ્રી જોશી દ્વારા રાજ્યના નાગરિકોને આધાર સંબંધિત સેવા ઉપલબ્ધ કરાવવા સતત કાર્યક્ષમતા અને નવીનતાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. રાજ્યના વિવિધ મહત્વના વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ અને **UIDAI**ના પ્રતિનિધિઓએ બેઠકમાં સહભાગી થયા હતા. રાજ્યભરમાં શાસન અને જાહેર સેવા પહેલને સમર્થન આપવા માટે બાળ નોંધણી, ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ્સ, સુલભતામાં સુધારો, પ્રમાણિકતા સુનિશ્ચિત કરવા અને આધાર સેવાઓને એકીકૃત કરવા જેવી ચર્ચાઓ આ બેઠકમાં કરવામાં હતી. આ ચર્ચા-સમીક્ષામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર **(DBT)** યોજનાઓ અને સુશાસન કાર્યક્રમોમાં આધાર-સક્ષમ સેવાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. બેઠકમાં **UIDAI**ની આધાર સંબંધિત તાજેતરની વિવિધ પહેલ, જેમાં યુનિવર્સલ ક્લાયન્ટ, **SWIK** પોર્ટલ, ફેસ ઓથેન્ટિકેશન અને આધાર એપ્લિકેશનનો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી જોશીએ તમામ વિભાગોને સેવા વિતરણ વધારવા અને અનુભવો પરથી આગળની વ્યવસ્થા સુધારવા માટે આ પ્લેટફોર્મનો સક્રિયપણે ઉપયોગ કરવા સૌને અનુરોધ કર્યો હતો. - જનક દેસાઈ

# ગુજરાતમાં રાજ્ય બહાર થી આવતી ડુપ્લીકેટ અને નકલી દવાઓ માટેની સઘન ચકાસણી અર્થે રાજ્ય સરકાર SOP તૈયાર કરશેઃ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

રાજ્યના પ્રત્યેક નાગરિકને ગુણવત્તાયુક્ત દવાઓ અને ખોરાક મળી રહે તે માટે રાજ્યના આરોગ્ય વિભાગ હેઠળના ફુડ એન્ડ ડ્રગ્સ યુનિટ સતત કાર્યરત છે. તાજેતરમાં રાજ્યમાં કેટલીક સ્થળે નકલી તેમજ બનાવટી દવાઓ રાજ્ય બહારમાંથી પ્રવેશતી હોય અને વેચાણ થતું હોવાનું રાજ્ય સરકારને ધ્યાને આવ્યું. રાજ્ય સરકારના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે સ્થળ ચકાસણી કરીને આવા તત્વો સામે કાર્યવાહી પણ કરી છે.

જેને વધુ સઘન અને સજ્જ બનાવવા માટે ગુજરાતમાં રાજ્ય બહારથી આવતી દવાઓની ચકાસણી અર્થે સરકાર દ્વારા **SOP** તૈયાર કરવામાં આવનાર હોવાનું આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.

**SOP** અમલીકરણ સાથે ડુપ્લીકેટ/નકલી દવાઓ સામે ઝીરો ટોલરન્સ અપનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બની રહેશે તેમ પણ તેમણે ઉમેર્યુ હતુ.

ગુજરાતમાં રાજ્ય બહારની બનાવટી/સ્પુરીયસ/કાઉન્ટરફીટ દવાઓ અટકાવવાની દિશામાં સરકાર સઘન કામગીરી હાથ ધરશે.

રાજ્યનું ખોરાક તથા ઔષધ નિયામક તંત્ર અને કેન્દ્ર સરકારનું **CDSCO** દવા વ્યવસાયમાં પ્રતિબંધિત પ્રવૃત્તિઓ સામે સતત મોનીટરીંગ કરે છે.જેથી કરીને રાજ્યના નાગરીકોના જાહેર આરોગ્ય સાથે લેભાગુ તત્વો દ્વારા દવાના ઉત્પાદન અને વેચાણમાં ગેરરીતી કરીને લોકોના સ્વાસ્થ્યને નુકશાન પહોંચાડી શકે નહી.

છેલ્લા ૪ વર્ષમાં રાજ્યમાં બનાવટી દવાઓ / કોસ્મેટીક બનાવટો અટકાવવા માટે દરોડા પાડીને આશરે ૬ કરોડ થી વધુની દવાઓ / કોસ્મેટીક બનાવટો જપ્ત કરવામાં આવી. જેમાં આશરે ૭૫ વ્યક્તિ / પેઢીઓ સંડોવાયેલી જોવા મળી હતી જેની સામે કાર્યવાહી કરાઇ. જેમાંથી મોટાભાગના કિસ્સાઓમાં આવી બનાવટી દવાના ખરીદ વેચાણ સંગ્રહના માન્ય પરવાના ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓનો સમુહ જોડાયેલ હોય છે તથા તપાસમાં એ પણ જાણવા મળેલ છે કે મોટાભાગના કિસ્સાઓમાં બનાવટી દવાઓ રાજ્ય બહારથી આવતી હોય છે.

અત્રે ઉલ્લેખની છે કે, ગુજરાત ભારતના ફાર્મા ઉદ્યોગમાં અગ્રણિય રાજ્ય છે. રાજ્યમાં ૫૦૦૦ કરતાં વધારે દવાના ઉત્પાદકો અને ૫૫૦૦૦ કરતાં વધારે રિટેલ/હોલસેલ દુકાનો લાયસન્સ સાથે કાર્યરત છે.

રાજ્યમાં નકલી/સ્પુરીયસ/બનાવટી દવાઓ આવતી અટકે અને આવે તો તુરંત પકડી શકાય તેના માટે રાજ્ય સરકાર વડોદરાની હાલની કાર્યરત એન.એ.બી.એલ. પ્રમાણીત લેબોરીટરી ઉપરાંત નવી ૩ ટેસ્ટીંગ લેબ શરૂ કરવા જઈ રહી છે. તથા **On site Testing** (સ્થળ પર જ ટેસ્ટીંગ) ને વધુ ઘનીષ્ઠ કરવા અત્યાધુનિક હેન્ડ હેલ્ડ ડિવાઈસ (રમણ સ્પેક્ટ્રોમીટર વીથ એડવાન્સ ટેકનોલોજી) ના ૧૦ સેટ પણ ખરીદવા જઈ રહી છે.

નકલી/સ્પુરીયસ/બનાવટી દવા પકડવા ફલાઈંગ સ્કોડની રચના કરવામાં આવી છે. જેથી આવા ઈસમોને તાત્કાલીક પકડી શકાય. તાજેતરમાં ફલાઈંગ સ્કોડ (ડ્રગ) દ્વારા ૨૦ લાખની કિંમતની નકલી દવાઓ (લીડીંગ કંપનીની ડુપ્લીકેટ પણ સામેલ છે.) પકડવામાં આવેલ છે.

તંત્રને વધુ સક્ષમ કરવા તથા નકલી દવાઓને અન્ય રાજ્યમાંથી આવતી અટકાવવા માટે ટ્રાન્સપોટર / કુરીયર એજન્સી જાણે અજાણે સામેલ હોય છે અને મોટેભાગે દવાઓ લાયસન્સ વગરની જગ્યાએથી/બિલ વગર/બિલથી/ કેશથી/ કેશ મેમો વગર અસલી દવા કરતા ખુબ જ ઓછી કિંમતે (૧૦-૫૦% ભાવથી) વેચાણ થતી હોય છે. જેને અટકાવવાની કામગીરી વધુ સુદ્રઢ કરવા માટે ડીપાર્ટમેન્ટમાં એક બ્રેઈન સ્ટોર્મીંગ ચાલી રહ્યુ છે. તથા સ્ટેક હોલ્ડરના ઈનપુટ મેળવવામાં આવી રહ્યા છે. જે મેળવીને ગુજરાતમાં ડુપ્લીકેટ/ બાનાવટી/ કાઉન્ટર ફીટ દવા સામે ઝીરો ટોલરંન્સ ધ્યાને રાખીને **SOP** (સ્ટાંડર્ડ ઓપરેટીંગ પ્રોઝીઝર) તૈયાર કરવામાં આવશે.

**SOP (Standard Operating Procedure)** ની મુખ્ય બાબતોઃ

૧ પરપ્રાંતીય દવાઓનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરવું

૨ દવા વહન કરનાર ટ્રાન્સપોર્ટરોની નોંધણી કરવી

૩ કેમીસ્ટ/હોલસેલર દંડનીય પ્રવૃત્તિમાં ઝડપાય તો પરવાના રદ કરવા

૪ ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારાનું કડક પાલન કરવું


૫ મોંઘી અને **"Fast Moving"** દવાઓ પર ઘનિષ્ઠ મોનીટરીંગ

# ખેડબ્રહ્મા તાલુકાની રાધીવાડ પ્રાથમિક શાળાના બાળકોને તિથિ ભોજન અને વોટરબેગ અપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાની રાધીવાડ પ્રાથમિક શાળાના બાળકોને પૂર્વ સરપંચ સ્વ. શ્રી હરીશંકર ઉપાધ્યાય અને માતૃશ્રી લક્ષ્મીબાની સ્મૃતિમાં તમામ બાળકોને પોષક ભોજન કરાવાયુ હતું અને વોટરબેગ પણ અનિતા નીખીલેશ ઉપાધ્યાયના હસ્તે આપવામાં આવી હતી. આ વેળાએ શાળાના સીઆરસી મનહરસિંહ, આચાર્ય મહેન્દ્રસિંહ અને શિક્ષકગણ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



# ઓઢવમાં ભત્રીજીને હેરાન કરતા યુવકને ઠપકો આપવા ગયેલા કાકાની ઘાતકી હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો હતો. ભત્રીજીને હેરાન કરતા યુવકને ઠપકો આપવા ગયેલા કાકાની ઘાતકી હત્યા કરાઈ હતી. ઓઢવ પોલીસે હત્યાનો ગુનો નોંધી ત્રણ સગા ભાઈઓની ધરપકડ કરી હતી. ભત્રીજીના સગાઈના દિવસે કાકાની અંતિમ યાત્રા નીકળતા પરિવારમાં માતમ છવાયો હતો. પરિવારે આરોપીઓને સજા મળે તેવી માંગ કરી હતી. પોલીસ કસ્ટડીમાં જોવા મળતા આરોપી જીગ્નેશ પટણી, અરુણ પટણી અને વીકી ઉર્ફે ડોલી પટણીની હત્યાના કેસમાં ઓઢવ પોલીસે ધરપકડ કરી હતી. ૩ ઓગસ્ટના રોજ રાત્રે ૮:૩૦ વાગે ઓઢવના રામનગર ખાતે મૃતક સુનિલ ઉર્ફે ભોપો પટણી અને તેના મિત્રો રવિ પટણી ભત્રીજી રેશમાને હેરાન કરનાર આરોપી જીગ્નેશને ઠપકો આપવા અને તેના મોબાઈલમાંથી ભત્રીજીના ફોટો ડિલીટ કરવા માટે જીગ્નેશના ઘરે પહોંચ્યા હતા.

આ સમયે આરોપી જીગ્નેશે ફોટો ડિલીટ નહી કરવા અને મોબાઈલ નહી આપવા તકરાર કરતા બન્ને વચ્ચે ઝઘડો થયો હતો.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



ઑગસ્ટ-૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની સીંગતેલ, તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની અગત્યની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | ખાદ્યતેલ (સીંગતેલ તહેવાર નિમિત્તે) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ લિટર. | ૧૦૦ |
| ૨ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૩ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| ૪ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | ખાંડ (તહેવાર નિમિત્તે વધારાની) | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૨૨ |
| ૬ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

ઑગસ્ટ -૨૦૨૫ માસનું વિતરણ તારીખ ૩૧/૦૮/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.




ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે

### આવનાર દિવસોમાં રાજયના તમામે તમામ જિલ્લાઓમાં વાહન ફાળવવામાં આવશે

# ગુજરાત પોલીસને મળ્યા અભિરક્ષક સ્પે.પર્પઝ વ્હીકલ: પાયલોટ પ્રોજેકટ તરીકે હાલ અભિરક્ષક વાહન અમદાવાદ અને સુરત ગ્રામ્ય વિસ્તારમાં મુકાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં ગંભીર માર્ગ અકસ્માતની ઘટનાઓ સર્જાય ત્યારે ઈજાગ્રસ્તોને સમયસર સારવાર મળી રહે અને વધુ જાનહાની અટકાવી શકાય એ મુખ્યહેતુ સાથે ગુજરાત પોલીસે અદ્યતન અભિરક્ષક વ્હીકલ ખરીદ્યા છે.




આ એકિસડન્ટ રીસ્પોન્સ એન્ડ રેસ્કયુ વ્હીકલને પાયલોટ પ્રોજેકટના ભાગરૂપે અમદાવાદ ગ્રામ્ય અને સુરત ગ્રામ્યમાં તૈનાત કરવામાં આવ્યુ છે. ગૃહમંત્રીના દિશા નિર્દેશ હેઠળ આ સ્પેશ્યલ પર્પઝ વ્હીકલને ખરીદવા માટે બજેટમાં મંજુરી આપવામાં આવી હતી.

રાજયના પોલીસવડા ના માર્ગદર્શન હેઠળ રાજયના એકિસડન્ટ ડેટા એનાલીસીસ કર્યા બાદ જયાં વધુ ગંભીર અકસ્માતો સર્જાય છે તેવા બે જિલ્લા પસંદ કરી આ વાહનોને પાયલોટ પ્રોજેકટ તરીકે અમદાવાદ ગ્રામ્ય અને સુરત ગ્રામ્ય વિસ્તારમાં મુકવામાં આવ્યા છે.

આ અભિરક્ષક વાહનો ખાસ કરીને માર્ગ અકસ્માતોના ઘટનાસ્થળે સૌથી પહેલા પહોચીને તાત્કાલીક રેસ્પોન્સ આપશે અને ગોલ્ડન અવર્સ દરમિયાન ઈજાગ્રસ્તોને બચાવી તેઓને નજીકની હોસ્પીટલ સુધી પહોચાડશે. આ વાહન ત્યારે ખુબ મદદરૂપ સાબિત થશે જયારે માર્ગ અકસ્માત બાદ ઈજાગ્રસ્ત વ્યકિત વાહનના અંદર ફસાઈ ગઈ હોય અથવા એવા કોઈ સ્થળે ધડાકાભેર ટકરાયા હોય જયાંથી રેસ્કયુ કરવા પડે તેવી ગંભીર હાલતમાં ફસાયા હોય, આ આધુનિક વાહનમાં ઓકિસજન બોટલ ઉપરાંત ૩૨ થી વધુ ખાસ રેસ્કયુ ટુલ્સ અને ઈકિવપમેન્ટ્સ મુકવામાં આવ્યા છે. જેમાં મેટલ કટર, ગ્લાસ કટર, બોલ્ટ કટર, ટેલીસ્કોપીક લેડર, સ્ટ્રેચર, જનરેટર અને હેવી વેઈટ લીફટ કરી શકે તેવી વીંચ જેવા ખાસ પ્રકારના અદ્યતન વ્યવસાયીક સાધનોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત રાત્રીના સમયમાં પણ અસરકારક રેસ્કયુ થઈ શકે તે માટે પાવરફુલ લાઈટીંગ સિસ્ટમ અને જનરેટર પણ આ વાહનમાં ઉપલબ્ધ છે. ઉપરાંત નાઈટ વિઝન ગોગલ્સ, પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, ટ્રાફીક કંટ્રોલ લાઈટ, બ્લિન્કર્સ અને ડ્રોન ઓપરેશન માટેના ચેમ્બર જેવી અન્ય સુવિધાઓ પણ અભિરક્ષકમાં ઉપલબ્ધ છે. આ વાહનની બોડી તેમજ એન્ટ્રી એકિઝટ ડીઝાઈન પણ ફાયર ફ્રુપ અને હુમલારોધક છે. જે ખાસ કરીને ભીડભાડ વાળા કે સંવેદનશીલ પરીસ્થિતિઓમાં સુરક્ષીત કામગીરી માટે ઉપયોગી છે. અભિરક્ષક એક એવી પહેલ છે જે અકસ્માતગ્રસ્ત વ્યકિતના જીવ બચાવવાની દિશામાં ગુજરાત પોલીસની તત્પરતાને દર્શાવે છે. પાયલોટ પ્રોજેકટ સફળ થયા બાદ આવનારા સમયમાં રાજયના અન્ય જિલ્લાઓમાં પણ આવા રેસ્કયુ વ્હીકલ તૈનાત કરવાનુ આયોજન છે. ગૃહમંત્રી એ કહ્યુ છે કે આ જ પ્રકારે એક પછી એક મહત્વના નિર્ણયો લઈને નાગરીકોના હીતમાં ઉપયોગી નિવડે તેવા ટેકનોલોજી યુકત ઈકિવપમેન્ટસ માં વધારો કરી રહ્યા છીએ.

# ચૈતર વસાવાને મુશ્કેલીમાં થયો ઔર વધારો : ચૈતર વસાવાને હજુ ૧૩ ઓગસ્ટ સુધી જેલમાં રહેવુ પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં અત્યારે ચૈતર વસાવાનો મુદ્દો ખુબ જ ચર્ચાનો વિષય રહ્યો છે. ડેડીયાપાડામાં બેઠક દરમિયાન જે બબાલ થઈ અને તેમાં ચૈતર વસાવાની ધરપકડ કરવામાં આવી હતી. ૫ જુલાઈ થી ચૈતર વસાવા જેલમાં બંધ છે. ત્યારબાદ સતત તેમના પરીવાર સહિત સમર્થકો તેમને છોડાવવા મેદાને આવ્યા છે અને દરેક જગ્યાએ તેઓને કોઈને કોઈ રીતે રજુઆતો કરી રહ્યા છે.

પરંતુ હવે કયાંક ચૈતર વસાવાને જામીન મામલે મુશ્કેલીમાં વધારો થયો હોય તેવુ લાગી રહ્યુ છે. કારણ કે સેશન્સ કોર્ટમાં તેમના જામીન નામંજુર કરવામાં આવ્યા હતા ત્યારબાદ તેમણે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. હવે જામીન અરજી મામલે આજે સુનાવણી હાથ ધરવામાં આવનાર હતી પરંતુ કોર્ટનો સમય પૂર્ણ થઈ જતા જામીન અરજી પર સુનાવણી આગામી ૧૩ ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવશે એટલે ચૈતર વસાવાને હજુ જેલમાં રહેવુ પડશે.

# સુરતમાં નકલી પાન મસાલાનુ કૌભાંડ પકડાયું : ફેકટરી પર દરોડો પાડી રૂ. ૧૦ લાખ નો મુદ્દામાલ જપ્ત કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સુરતમાં નકલી શેમ્પુ રેકેટ બાદ હવે નકલી પાન મસાલાનુ કૌભાંડ પકડાયુ છે. જેનાથી શહેરના વેપારી જગતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. લસકાણા વિસ્તારમાં આવેલી એક ફેકટરીમાં જાણીતી બ્રાન્ડ્સ તુલસી અને રજનીગંધાના ડુપ્લીકેટ પાન મસાલાનુ ઉત્પાદન થતુ હોવાનુ પોલીસના દરોડામાં બહાર આવ્યુ છે. પોલીસે ઘટનાસ્થળે થી રૂપીયા ૧૦ લાખ નો કાચો માલ અને નકલી પાન મસાલા બનાવવા માટે ઉપયોગમાં લેવાતુ અદ્યતન મશીનરી જપ્ત કરી છે. આ મામલે પોલીસે એક આરોપી શખ્સની ધરપકડ કરી છે. જયારે મુખ્ય સુત્રધાર ફરાર છે.

નોઈડાની ધર્મપાલ સત્યપાલ લીમીટેડ કંપનીએ પોતાની પ્રોડકટના ડુપ્લીકેશનને પકડવા માટે એક ખાનગી તપાસ એજન્સીને હાયર કરી હતી. આ એજન્સીને ઓનલાઈન પ્લેટફોર્મ પર તુલસી અને રજનીગંધાના નકલી ઉત્પાદનો વેચાતા હોવાની માહિતી મળી હતી. પેમેન્ટ ગેટવે અને અન્ય વિગતોના આધારે તપાસ કરતા સુરતનું સરનામુ મળી આવ્યુ હતું. ત્યારબાદ નોઈડાની કંપનીના સીનીયર મેનેજર વિનય મલીકે સ્થાનિક પોલીસનો સંપર્ક કર્યો હતો. લસકાણા પોલીસે ડાયમંડનગરમાં આવેલા કળથીયા કોર્પોરેશન-૩ માં એક કારખાના પર દરોડો પાડયો હતો. આ ફેકટરી રાત્રીના સમયે જ કાર્યરત રહેતી હતી. જેથી કોઈને શંકા ન જાય, દરોડા દરમિયાન પોલીસે ૫ કિલો ૪૦૦ ગ્રામ લુઝ તમાકુ, ૬૩ લુઝ કાથો, ૬૯ કિલો મેગોવેશીયમ કાર્બોનેટ પાવડર, ૨૧૫ કિલો ટુકડા સોપારી, ઓટોમેટીક પાઉચ પેકીંગ મશીન, સોપારી ઓવન મશીન, અને તુલસી તથા રજનીગંધાના સ્ટીકરવાળા પાઉચનો જંગી જથ્થો જપ્ત કર્યો હતો. દરોડા દરમિયાન પોલીસે રમેશ હરી ભેસરફાલ નામના એક યુવકની ધરપકડ કરી છે. જે આ ફેકટરીમાં કામ કરતો હતો પુછપરછ દરમિયાન રમેશે કબુલ્યુ હતુ કે આ ફેકટરીમાં જયેશ પડસાળાની છે અને તે તેના માટે માલ સપ્લાય કરવાનુ કામ કરતો હતો. રમેશની કબુલાત બાદ પોલીસે મોટા વરાછાના રહેવાસી જયેશ પડસાળાને મુખ્ય સુત્રધાર તરીકે જાહેર કર્યો છે અને તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

આરોપી જયેશ પડસાળાએ પોતાની પાન મસાલા બ્રાન્ડ નાઈન્થ રોફ ને રજીસ્ટર કરાવી હતી અને આ નાનકડી દુકાન ૬ મહિના અગાઉ ભાડે રાખી હતી, જો કે તે પોતાની બ્રાન્ડના ઉત્પાદનની આડમાં જાણીતી બ્રાન્ડના ડુપ્લીકેટ પાન મસાલા બનાવતો હતો, નકલી પાન મસાલામાં બ્રાન્ડેડ પ્રોડકટ જેવી જ સુગંધ આવે તે માટે તે ખાસ પ્રકારના ફલેવર એસેન્સ નો ઉપયોગ કરતો હતો. જેનો મોટો જથ્થો પણ પોલીસે કબ્જે કર્યો છે આ ઘટનાએ બજારમાં વેચાતી પ્રોડકટની ગુણવત્તા પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

# વિસાવદરના ધારાસભ્ય બન્યા બાદ મુખ્યમંત્રી સાથે ગોપાલ ઈટાલીયાની પ્રથમ મુલાકાતઃ ઈટાલીયા મતવિસ્તારને લઈ ૫ મુદ્દાઓની રજુઆત કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા મુખ્યમંત્રીને મળવા આજે પહોચ્યા હતા તેઓ વિસાવદર વિધાનસભા મતવિસ્તારના વિવિધ મહત્વના પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને રજુઆત કરશે. ધારાસભ્ય તરીકે ચુંટાયા બાદ ગોપાલ ઈટાલીયા પ્રથમ વખત મુખ્યમંત્રીને રૂબરૂ મળીને પોતાના મતવિસ્તારના પ્રશ્નો રજુ કરશે. આ મુલાકાત દરમિયાન તેઓ વિસાવદર અને ગુજરાતના લોકો માટે અગત્યના ૫ મુદ્દાઓ પર મુખ્યત્વે ધ્યાન કેન્દ્રીત કરશે, ગોપાલ ઈટાલીયા દ્વારા મુખ્યમંત્રી સમક્ષ થનારા મુદ્દાઓમાં ઈકો ઝોનને લગતા પ્રશ્નો, પાક વિમાને લગતા પ્રશ્નો અને ટાઉન પ્લાનીંગને



લગતા પ્રશ્નોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સોલાર ફાર્મ અને પવનચક્કીઓ પર મિલ્કત વેરો તેમજ માલધારીઓને વાડા ફાળવવા બાબતોના પ્રશ્નો પણ રજુ કરવામાં આવશે. આ તમામ મુદ્દાઓ વિસાવદર વિસ્તારના વિકાસ અને લોકોની સુખાકારી માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય બન્યા બાદ ગોપાલ ઈટાલીયા તેમના મતવિસ્તારમાં સતત કાર્યરત જોવા મળી રહ્યા છે. અનાજ કૌભાંડથી લઈને વિવિધ મામલે તેઓ સંબંધીત તંત્રના અધિકારીઓને મળી રહ્યા છે. તેઓ સ્થાનિકોને મળીને તેમના પ્રશ્નો અને તેમની રજુઆતો જાણતા પણ જોવા મળ્યા છે. ત્યારે આજે તેઓ મુખ્યમંત્રી સાથેની પ્રથમ મુલાકાત દરમિયાન તેઓ શું રજુઆત કરશે એ બાબતે જનતામાં ખુબ જ જિજ્ઞાશા જોવા મળી રહી છે.


### રક્ષાબંધનની ઉજવણી અમદાવાદમાં પરીવારજનો સાથે કરશે : કરોડો રૂપીયાના વિકાસ કામોની ભેટ પણ આપશે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના આગામી શુક્રવારથી ગુજરાતમાં ૩ દિવસના ધામા

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આગામી તા. ૮ મી ને શુક્રવારથી ૩ દિવસ માટે વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા હોવાનુ જાણવા મળી રહ્યુ છે. તેઓ શનિવારે રક્ષાબંધન ઉજવણી અમદાવાદ ખાતે પોતાના પરીવારજનો સાથે કરશે, ૩ દિવસ ગુજરાતની મુલાકાત દરમિયાન તેઓ અમદાવાદ અને ગાંધીનગર સહિત રાજયના અલગ અલગ શહેરોને કરોડો રૂપીયાના વિકાસ કામોની ભેટ આપશે.

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખની નિયુકિત હવે એકદમ નજીકમાં હોવાનુ જાણવા મળી રહ્યુ છે. ત્યારે અમિત શાહની ૩ દિવસની ગુજરાતની મુલાકાત ખુબ જ સુચક માનવામાં આવી રહી છે, તાજેતરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દિલ્હી દોડી ગયા હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. હવે ગૃહમંત્રી અમિત શાહ ૩ દિવસ માટે



ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે, ગુજરાતના રાજકારણમાં નવા જુનીના સંકેતો દેખાઈ રહ્યા છે. અમિત શાહ સામાન્ય રીતે ઘરે શુભ તહેવાર અને પ્રસંગોની ઉજવણી ગુજરાતમાં કરતા હોય છે, તેઓ રક્ષાબંધનની ઉજવણી પણ ગુજરાતમાં જ કરશે.

અમદાવાદ ખાતે તેઓ રક્ષાબંધનની ઉજવણીમાં સામેલ થાય તેવી શકયતા હાલ દેખાઈ રહી છે. ગુજરાતની ૩ દિવસની મુલાકાત દરમિયાન તેઓ વિવિધ પ્રોજેકટનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત પણ કરશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ ની વરણી અંગે હાઈકમાન્ડે હવે મામલો હાથ પર લીધો છે ત્યારે અમિત શાહની ૩ દિવસની ગુજરાત મુલાકાત આ મામલે ખુબ જ સુચક માનવામાં આવી રહી છે. રાજય સરકારના મંત્રી મંડળના વિસ્તરણની વાતો પણ ચાલી રહી છે. ત્યારે અમિત શાહ સરકાર અને સંગઠનના હોદ્દેદારો સાથે બેઠક કરી કોઈ પરીણામ લક્ષી નિર્ણય લે તેવી શકયતા નકારી શકાતી નથી.

# ગુજરાતમાં જ વિરોધ પક્ષ : પ્રજાલક્ષી કામ ન થતા ભાજપના ધારાસભ્ય અને સાંસદો નારાજ

### સાંસદ મનસુખ વસાવાએ પત્ર લખી કરી રજુઆતઃ સાંસદો-ધારાસભ્યોએ જ કહ્યુ કે પ્રજાના કામ નથી થતા

પ્રતિનિધિ,ગાંધીનગર

એક બાજુ રાજય સરકાર દાવો કરી રહી છે કે રસ્તાના સમારકામ અને માર્ગો પર ખાડા પુરવાનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે તો બીજી તરફ ભાજપના સાંસદ સરકાર સામે નારાજગી વ્યકત કરી રહ્યા છે કે પુલો પડુ પડુ છે. ત્યારે સરકારને કંઈ પડી જ નથી, પ્રજા લક્ષી કામો ન થતા હવે ભાજપના ધારાસભ્ય અને સાંસદોએ સરકાર વિરૂધ્ધ લેટરવોર શરૂ કરી દીધી છે. ધારાસભ્યો જ પોતાની સરકારની કામગીરી થી નારાજ છે.




વિરમગામ શહેરમાં ગટરનો પ્રશ્ન ન ઉકેલાતા ધારાસભ્ય હાર્દિક પટેલે સરકાર વિરૂધ્ધ જન આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. સિંહોના મૃત્યુને લઈને ભાજપના ધારાસભ્ય હીરા સોલંકી અને જે વી કાકડીયાએ પત્ર લખીને વન વિભાગની નિષ્ક્રિયતાને જવાબદારી ઠેરવી હતી. ભાજપના ધારાસભ્યો સરકારથી નારાજ છે ત્યાં જ હવે ભાજપના સાંસદ મનસુખ વસાવા પણ સરકારની કામગીરીથી નારાજ થયા છે. મંત્રીઓ ધારાસભ્યોના કામો કરતા નથી. તો કેટલાક ઠેકાણે મંત્રીઓ પોતાના મંત્રીઓના પણ કામો ન કરતા હોવાની રાજયમાં ચારેય તરફ બુમરોળ ઉઠવા પામી છે. મનસુખ વસાવાએ મતવિસ્તાર ભરૂચમાં જર્જરીત પુલોને લઈને મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. તેમણે રજુઆત કરી છે કે ભરૂચ-આમોદ, જંબુસર નજીક ઢાઢોર બ્રિજ ઉપરાંત અન્ય નાના પુલો ખખડધજ અવસ્થામાં છે, આ ઉપરાંત નેત્રંગ, ડેડીયાપાડા, સાગબારા વચ્ચે નદી પરનો પુલ પણ જર્જરીત છે, આ પુલો પર વાહન વ્યવહાર બંધ છે. પરીણામે સામાન્ય જનતાને હાલાકી ભોગવવી પડી રહી છે, તેમણે એવો આક્ષેપ કર્યો છે કે પર્યટન સ્થળ કબીરવડ માટે કરોડો રૂપીયા ગ્રાન્ટ ફાળવી આયોજન કરાયુ છે, પણ ૧૫ થી ૨૦ વરસ વિત્યા પછી પણ હજુ ઠેંકાણુ પડયુ નથી, આ ઉપરાંત ભરૂચ અને અંકલેશ્વર શહેરના વિકાસ માટે પણ સરકારે પુરતા પગલા ભર્યા નથી,

આમ ભાજપના ધારાસભ્યો અને સાંસદોએ સરકારની નિષ્ક્રિયતા સામે સવાલો ઉઠાવ્યા છે. લેખિત રજુઆતના પત્રો વાયરલ કરીને ભાજપ સરકારની પ્રતિષ્ઠ ખરડવા ભાજપના ધારાસભ્યો અને સાંસદો મેદાને પડયા હોય તેમ લાગી રહ્યુ છે, પ્રજાના કામો થતા નથી તેવુ ધારાસભ્યો અને સાંસદો જ કહી રહ્યા છે.

# ગૃહ વિભાગ હવે પોલીસ અધિકારી અને કર્મચારીની કામગીરી જોઈ બઢતી અને બદલી કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસમાં બઢતી અને બદલીના આદેશો અચાનક થતા હોય છે ત્યારે ગૃહ વિભાગ દ્વારા પોલીસ કર્મીઓની બઢતી અને બદલી કરવા માટે નવી પહેલ કરવામાં આવી છે. પોલીસની કામગીરી અંગે હવે લોકોના અભિપ્રાય લેવામાં આવશે, આ અભિપ્રાયના આધારે ગૃહ વિભાગ દ્વારા પોલીસ કર્મચારીઓની બઢતી અને બદલી કરવામાં આવશે. ૧૦ હજાર થી વધુ નાગરીકોના અભિપ્રાય લેવામાં આવશે,

ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત લોકોના અભિપ્રાયના આધારે પોલીસ કર્મચારીઓની બઢતી અને બદલી કરવાની પહેલ




ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. આ માટે ગૃહ વિભાગ દ્વારા રાજયના ૧૦ હજાર થી વધુ નાગરીકોનો અભિપ્રાય લેવામાં આવશે. અત્યાર સુધીમાં ૩૪૦૦ લોકો પાસેથી અભિપ્રાય લેવામાં આવ્યો છે.

બુદ્ધિજીવી લોકો થી લઈને સામાન્ય લોકો સુધી તમામ અભિપ્રાય લેવામાં આવી રહ્યા છે. કયાંક સારા તો કયાંક નબળા અભિપ્રાય પણ મળી રહ્યા છે, પોલીસ અધિકારી અને કર્મચારીઓનો લોકો સાથેનો વ્યવહાર સારો બનાવવાનો ગૃહ વિભાગનો હેતુ છે, ગૃહવિભાગ દ્વારા લોકોને કેવા પ્રશ્નો પુછવામાં આવે છે તેની વાત કરીએ તો, આપના વિસ્તારના એસીપી, ડીવાયએસપીની કામગીરી કેવી છે ? અધિકારીઓ ફીલ્ડમાં જોવા મળે છે ?પોલીસ અધિકારીઓનો જાહેર જનતા સાથેનો વ્યવહાર અને અભિગમ કેવો છે ? અધિકારીઓના હકારાત્મક અને નકારાત્મક પાસાઓ શું છે ? પોલીસ સ્ટેશનમાં પીઆઈ કે ડીવાયએસપી ની કામગીરી કેવી છે ? આ પ્રકારના સવાલોના આધારે લોકોનો અભિપ્રાય મેળવવામાં આવી રહ્યો છે.

# સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં હાઈવે ઓથોરીટી દ્વારા જમીન ખરીદી મામલે ખેડુતોમાં સર્જાયો વિરોધભાસ : આંદોલનના એંધાણ

### માંગ સ્વીકારવામાં નહી આવે તો જિલ્લામાં ફરી એકવાર આંદોલનની શકયતા : તમામ ખેડુતોને એક સરખુ વળતર આપવાની જાહેરાત કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભારત સરકાર દ્વારા સાબરકાંઠા જિલ્લાના ઈડર વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર જમીનની કિંમત મામલે આંદોલનના મંડાણ થયા છે. એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા રૂપીયા ૧૮૦ થી રૂપીયા ૫૦૦ નો ભાવ પ્રતિ ચો.મીટરે આપવાનુ નક્કી કરાયુ છે. ત્યારે હાલમાં વહિવટી તંત્ર દ્વારા સ્થાનિક કક્ષાએ માત્ર ૧૨૦ રૂપીયા થી લઈ ૧૭૦ રૂપીયા સુધીનો ભાવ આપતા હવે આવનારા સમયમાં જમીન મામલે સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં આંદોલનના મંડાણ




થાય તો નવાઈ નહી. સાબરકાંઠા જિલ્લાના ઈડરમાંથી પસાર થતા નેશનલ હાઈવે અંતર્ગત અંદાજે ૩૭૧ એકર થી વધારેની જમીન હાઈવે ઓથોરીટી દ્વારા કબ્જે લેવાની તૈયારી શરૂ કરાઈ છે. તો બીજી તરફ હાઈવે ઓથોરીટી દ્વારા પ્રતિ ચો.મીટરે ૧૦૦, ૧૨૦ થી લઈ ૬૭૦ સુધીના ભાવ અપાઈ રહ્યા છે. ત્યારે હવે ખેડુતોમાં વ્યાપક વિરોધ ઉઠવા પામ્યો છે. તેમજ તંત્ર પાસે તાત્કાલીક ધોરણે સહાયની વિગતો જાહેર કરવા માંગ કરાઈ છે. જો કે માંગ ન સ્વીકારે તો જિલ્લામાં ફરી એકવાર આંદોલનના મંડાણ થાય તો નવાઈ નહી. ખેડુતો પોતાના જમીનના ભાવ પ્રતિ ચો.મીટરે ૧ હજાર થી વધુ લેવાની સાથે તમામ ખેડુતોને એક સરખુ વળતર આપવાની રજુઆત કરાઈ છે જો કે આવનારા સમયમાં આ મામલે ચોકકસ રજુઆત ન થાય તો સમગ્ર જિલ્લાના ઈડર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના ખેડુતોને ભારે પરેશાની સર્જાય તેમ છે. ખેડુતોને જમીનના યોગ્ય ભાવ ન મળતા હવે તંત્ર સામે આવનારા સમયમાં વ્યાપક જન આંદોલનની ચીમકી ઉચ્ચારાઈ રહી છે. જો કે સ્થાનિક લોકોનુ માનીએ તો નેશનલ હાઈવે ઓથોરીટી થકી ખેતી કરતા ખેડુતોને વ્યાપક નુકશાન થવાનુ છે ત્યારે હાલના તબકકે તાત્કાલીક ધોરણે આ મામલે ચોકકસ પગલા ભરાય તેવી માંગ કરાઈ રહી છે. જો કે ૩૦૦ કરતા વધુ ખેડુતોએ પોતાની જમીન સંપાદન મામલે ઈડર પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી નેશનલ હાઈવે ઓથોરીટી સહિત સરકાર દ્વારા દરેક ખેડુતની જમીનના એક સરખા ભાવ મળે તે માટે રજુઆત કરી છે. ત્યારે હવે આવનારા સમયમાં ઈડર થી ઉભો થનારો આંદોલનનો મંડાણ કેટલે સુધી પહોચે છે તે હવે જોવુ રહ્યું.

# સાબરકાંઠા જિલ્લાના ન્યાય ખાતાના ધિરાણ મંડળીની યોજાયેલી ૩૧ મી વાર્ષિક સામાન્ય સભા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લા ન્યાય ખાતા કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીની ૩૧ મી વાર્ષિક સામાન્ય સભા તા. ૩/૮/૨૦૨૫ રવિવારના રોજ ખાના ખજાના , સ્ટાર સીટી હિંમતનગર મુકામે ધિરાણ મંડળીમાં મંડળીના પ્રમુખ મિહીરભાઈ રાવલ, ઉપ પ્રમુખ પી બી પરમાર તથા મંડળીના માનદમંત્રી મનોજભાઈ ચૌહાણ તથા કારોબારી સભ્યોના વડપણ હેઠળ યોજાઈ હતી.

જેમાં ધિરાણ મંડળીના સભાસદો હાજર રહ્યા હતા. મંડળીના ગત વર્ષના તમામ હિસાબોને બહાલી આપવામાં આવી હતી મંડળીના સભ્યોને ૧૫ ટકા મુજબ ડીવીડન્ડ ની મંજુરી આપવામાં આવી હતી. તેમજ તમામ સભાસદોને ભેટ (ગીફટ) અંગે પણ સામાન્ય સભામાં બહાલી આપવામાં આવી હતી. ધિરાણ મંડળીની વાર્ષિક સામાન્ય સભામાં સાબરકાંઠા જિલ્લાના નામદાર પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ કે આર રબારી સાહેબે પધારી મંડળીના તમામ સભ્યોને આર્શીવચન પાઠવેલ તથા મંડળી ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી આશા વ્યકત કરી હતી.

આ પ્રસંગે અન્ય ન્યાયાધીશ સાહેબો પણ મંડળીની સામાન્ય સભામાં હાજર રહ્યા હતા અને તમામે મંડળીને સાથ સહકાર આપેલ તે બદલ કારોબારી વતી તમામ સભાસદો તથા ન્યાયાધીશ સાહેબોનો આભાર વ્યકત કર્યો હતો તેવુ જિલ્લા ન્યાય ખાતા કર્મચારીઓની ધિરાણ મંડળી હિંમતનગરની એક અખબારી યાદીમાં જણાવાયુ છે.